### પાલિકાનાં પ્રમુખ અને શહેરનાં પ્રથમ નાગરિક ધારે તો ઘણુ બધુ થઈ શકે

# અરે વાહ : બાબરાનાં વોર્ડ નં. ૬નો વર્ષો જુનો ગટરનો પ્રશ્ન દૂર

**પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ રમેશભાઈ પરવાડિયા એક્શન મોડમા**

**શહેરીજનોએ ખોબલે ખોબલે ભાજપને મત આપેલ હોય સુવિધા આપવાની જવાબદારી શાસકોની**

**વર્ષો જુનો પ્રશ્ન દૂર થતાં સ્થાનિક રહેવાસીઓમાં ખૂશીનો માહોલ**

**કારોબારી ચેરમેન ભરત રંગપરા અને નગરસેવક રાજુભાઈ વિરોજાએ સ્થળ મુલાકાત કરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

બાબરા નગરપાલિકાના વોર્ડ નંબર–૬ વિસ્તારમાં તાપડિયા આશ્રમ પાછળ આવેલી વર્ષો જૂની ગટર સમસ્યાનો આખરે કાયમી નિકાલ થતાં સ્થાનિક રહિશોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. લાંબા સમયથી દુર્ગંધ અને ગંદકીની સમસ્યાથી પરેશાન બનેલા વિસ્તારના લોકોને નગરપાલિકાની ત્વરિત કામગીરીથી મોટી રાહત મળી છે.

મળતી માહિતી મુજબ તાપડિયા આશ્રમ પાછળ આવેલી વિશાળ અને લાંબી ગટરમાં આસપાસના વિસ્તારોનું ગંદુ પાણી નીકળતું હતું. ઘણા સમયથી ગટર જામ થઈ જતાં ગંદુ પાણી એકઠું રહેતું હતું, જેના કારણે ભારે દુર્ગંધ ફેલાતી હતી. સ્થિતિ એવી બની ગઈ હતી કે રસ્તેથી પસાર થતાં લોકોને મોઢા પર રૂમાલ કે ડૂચો રાખીને પસાર થવું પડતું હતું. વર્ષોથી આ સમસ્યા સ્થાનિક લોકો માટે માથાનો દુઃખાવો બની ગઈ હતી.

આ અંગે વિસ્તારના રહિશોએ નગરપાલિકાના નવ નિયુક્ત પ્રમુખ રમેશભાઈ પરવાડિયા સમક્ષ રજૂઆત કરતા તેમણે તાત્કાલિક સમસ્યાની ગંભીરતા સમજી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રમુખ રમેશભાઈ પરવાડિયાએ વોર્ડના સભ્ય તેમજ કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા અને સભ્ય રાજુભાઈ વિરોજા સાથે સ્થળ મુલાકાત કરી સમગ્ર સફાઈ વિભાગની ટીમને કામે લગાડી હતી.

કલાકોની ભારે જહેમત બાદ સફાઈ કર્મચારીઓ દ્વારા ગટરમાં વર્ષોથી જમા થયેલો કચરો, કાદવ અને અન્ય અવરોધો દૂર કરી સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી. ગટર સ્વચ્છ થતાં પાણીનો નિકાલ ફરીથી નિયમિત શરૂ થયો છે અને સમગ્ર વિસ્તારમાં ફેલાતી દુર્ગંધમાંથી લોકોને મુક્તિ મળી છે.

સ્થાનિક રહિશોએ નગરપાલિકાના પ્રમુખ રમેશભાઈ પરવાડિયા, ચેરમેન ભરતભાઈ રંગપરા, સભ્ય રાજુભાઈ વિરોજા તેમજ સફાઈ કર્મચારીઓની ટીમનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે વર્ષોથી ચાલતી આવતી સમસ્યાનો ઉકેલ આવતા હવે વિસ્તારમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહેશે. નગરપાલિકાની આ કામગીરીને સ્થાનિકોમાં વ્યાપક પ્રશંસા મળી રહી છે.

### નિદોષ પ્રાણીઓ પર સતત જોખમ આવે છે

## રાજુલા : ઉચૈયા ગામે ૧ વર્ષની વયનો બાળ દીપડો ખુલ્લા કુવામાં પડી ગયો

**વન વિભાગે સફળ રેસ્ક્યુ કરી જીવ બચાવ્યો**



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વન્ય પ્રાણીઓના મોતનાં બનાવોમાં વધારો જોવા મળી રહયો છે. ત્યારે રાજુલા તાલુકાના ઉચૈયા ગામે આજે એક વર્ષ જેટલી ઉંમરનું દીપડાનું બચ્ચુ એક ખુલ્લા કુવામાં ખાબકતાં વનવિભાગે તાત્કાલિક રેસ્કયૂ ઓપરેશન હાથ ધરી તેનું સફળતાપૂર્વક બચાવ કાર્ય કર્યુ હતું.

મળતી માહિતી મુજબ શેત્રુંજી ડિવિઝનના રાજુલા રેન્જ વિસ્તાર હેઠળ આવેલા ઉચૈયા ગામમાં ચંપુભાઈ વાજસુરભાઈની વાડીમાં આવેલા કુવામાં એક વર્ષનું દીપડાનું બચ્ચું અચાનક ખાબકતા ગયું હતું તે અંગેની જાણ સ્થાનિક લોકો દ્વારા વનવિભાગને કરવામાં આવતા વન અધિકારીઓ અને સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

વન વિભાગની ટીમે પરિસ્થિતિનું નિરીક્ષણ કરીને સાવચેતી પૂર્વક રેસ્કયૂ ઓપરેશન શરૂ કર્યુ હતું. દીપડાનું બચ્ચું ગભરાયેલું હોવા છતાં ટીમે કુશળતાપૂર્વક કામગીરી કરીને તેને કુવામાંથી બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. સમગ્ર કામગીરી દરમિયાન સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં સ્થળ પર એકત્ર થયા હતા.

રેસ્કયૂ બાદ દીપડાના બચ્ચાની પ્રાથમિક તબીબી તપાસ કરવામાં આવી હતી. વધુ સારવાર અને નિરીક્ષણ માટે તેને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યું છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર બચ્ચાની તબિયત પર સતત નજર રાખવામાં આવી રહી છે અને સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેને કુદરતી રહેઠાણમાં પરત છોડવા અંગે નિર્ણય લેવામાં આવશે.

### તાજેતરમાં લેવાયેલ એમસીએ સેમેસ્ટર ૪ પરીક્ષામાં

## અમરેલીની શ્રી એમ.એલ. કાકડીયા એમ.સી.એ. મહિલા કોલેજ યુનિવર્સિટી ટોપટેનમાં પ્રથમ

**રૂપાલી ચૌહાણ, નેન્સી નાડોડા અને હાર્મી બાલ્ધા અગ્રેસર**







અમરેલી, તા. ૪

અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત એમ.એલ. કાકડીયા એમસીએ મહિલા કોલેજની તાજેતરમાં લેવાયેલ એમસએ સમે ૪ની પરીક્ષામાં કોલેજ યુનિવર્સિટી ટોપટેનમાં પ્રથમ સ્થાન પામી છે.

કોલેજની વિદ્યાર્થીની કૃપાલી ચૌહાણ, નેન્સી નાડોડા અને હાર્મી બાલ્ધા અગ્રેસર રહી છે. ૧૦૦ ટકા પરિણામ મેળવવા બદલ ટ્રસ્ટીઓ અને સ્ટાફગણે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી છે.

## દામનગર : દરવાજા સામે ઉખડી ગયેલ બ્લોકને કારણે છાશવારે થતાં અકસ્માત



દામનગર, તા.૪

દામનગર શહેરની મધ્યમાં આવેલ શ્રી રામજી મંદિરના દરવાજા સામે મેઈન બજારમાં ફિટ કરેલ પેવર બ્લોકનો હિસ્સો કેટલાય મહિનાઓથી ઉખડી ગયેલ હોય અને લેવલમાં ન હોવાને કારણે અહીંથી પસાર થતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે ભયજનક બની રહ્યું છે. રાહદારીઓ છાશવારે આ જગ્યાએ પડી જતાં હોય છતાં અને અહીંથી ગામનાં લોકો નીકળે છે., છતાં પણ તંત્રના લોકો અને પ્રતિનિધિઓ આંખ આડા કાન કરતા હોય, આ જગ્યા જોખમી હોય તાકીદે ગામની સેવા માટે વિકાસની વાતો કરતા ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ જગ્યાને સુરક્ષિત કરે એવી ગ્રામજનો અને મંદિરે દર્શન કરવા માટે આવતા ભક્તોની લાગણી છે.

### અનુબંધમનાં માધ્યમથી

## અમરેલીમાં ૫ જુનનાં રોજ રોજગાર ભરતી મેળો

**રોજગાર કચેરી ખાતે મેળો યોજાશે**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર અગ્રગણ્ય એકમો માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ધો.૧૦, ધો. ૧૨ તથા સ્નાતક, ધો. ૧૦ (કોમ્પ્યુટર નોલેજ), સેલ્સ ઓફિસર ટેક્નિશિયન ડિપ્લોમા, બી.એસ.સી, મશીન ઓપરેટર, ટ્રેઈની–બી.ફાર્મ, ઓટો મોબાઈલ શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતીમેળાનું આયોજન તા. ૫/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પ્રથમ માળ, બહુમાળી ભવન, અમરેલી ખાતે કરવામાં આવેલ છે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### વન વિભાગે પાણી પહેલા પાળ બાંધી

## વડિયામાં સસલાનાં શિકારની તૈયારી કરતાં ૨ શખ્સોને ઝડપી લેવાયા

**સૌને વન્ય જીવોની સુરક્ષામાં સહકાર આપવા અનુરોધ**



અમરેલી, તા. ૪

અમરેલી વન વિભાગ દ્વારા વન્ય જીવ સંરક્ષણ માટે સતત સતર્કતા રાખવામાં આવી રહી છે. ત્યારે વડીયા ગામની સીમ વિસ્તારમાં મળેલી ચોક્કસ બાતમીના આધારે વન વિભાગના સ્ટાફે બે શખ્સો સસલા કે અન્ય પ્રાણીઓ કે તેતર પક્ષીઓનો શિકાર કરે તે પહેલાં વન વિભાગ દ્વારા સફળ કાર્યવાહી હાથ ધરી હતી.

આ કાર્યવાહી દરમિયાન બે શખ્સો અરવિંદભાઈ અને રાજુભાઈને સસલાના શિકાર માટે ઉપયોગમાં લેવાતા મેવટા તથા ગીલોર સાથે રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા હતા અને વન વિભાગના અધિકારીઓએ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી અને પૂછપરછ દરમિયાન આરોપીઓએ અગાઉ પણ વન્યજીવ એવા તેતર પક્ષીઓનો શિકાર કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

વન્ય જીવોના શિકાર અને તેના માટેના સાધનો રાખવા બાબતે વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ ગુનો બનતો હોવાથી વિભાગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વન વિભાગે બંને શખ્સો સામે કાયદેસર કાર્યવાહી કરી રૂપિયા ૨૦,૦૦૦નો દંડ વસૂલ કરીને ગુનાનો તરજોડ કર્યો હતો. સાથે જ શિકાર માટે વપરાતા સાધનો પણ કબજે લેવામાં આવ્યાહતા.

વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, વન્યજીવો અને પક્ષીઓના ગેરકાયદેસર શિકાર સામે વિભાગ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. કોઈપણ વ્યકિત વન્યજીવોનો શિકાર કરતી અથવા તે માટેની પ્રવૃત્તિ કરતી જણાશે તો તેના વિરૂદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

વન્યજીવોનું સંરક્ષણ એ દરેક નાગરિકની જવાબદારી છે અને પર્યાવરણના સંતુલન માટે વન્યજીવોનું જતન અત્યંત જરૂરી છે. આ સમગ્ર કામગીરીમાં એચ.ડી. રાખોલિયા (વનરક્ષક, અનીડા), એસ.પી. તેરૈયા (વનપાલ, અનીડા), કાનજીભાઈ દાફડા (ટ્રેકર), મનીષભાઈ ગાગિયા (ટ્રેકર) તેમજ અમરેલી વન વિભાગના અન્ય સ્ટાફે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

વન વિભાગે લોકોને અપીલ કરી છે કે જો કોઈપણ વિસ્તારમાં વન્યજીવોના શિકાર, ગેરકાયદેસર શિકારના સાધનો અથવા વન્યજીવોને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિ અંગે માહિતી મળે તો તાત્કાલિક વન વિભાગને જાણ કરી સહયોગ આપે, જેથી વન્યજીવોનું અસરકારક સંરક્ષણ થઈ શકે.

### જાગૃત નાગરિક તેજસભાઈ કારિયાની રજુઆત

## બાબરા : ખોજાખાના શેરી અને ચમારડીનાં જાપા વિસ્તારમાંથી ગંદકીની સમસ્યા દુર કરો

**પાલિકાનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો**

બાબરા, તા. ૪

બાબરાનાં જાગૃત નાગરિક તેજસભાઈ કારિયાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ખોજાખાના શેરીમાં તમામ જગ્યાએ ભુર્ગભ ગટર નાખવામાં આવેલ હોય જેથી ત્યાં શેરીમાં ખુલ્લી ગટરમાં અવારનવાર લોકો પડતા હોય મોટી ગટર હોય જેની હવે જરૂર ન હોય, અને લોકોનું ગંદા પાણીનું કનેકશન ભુગર્ભ ગટરમાં અપાવી આ ખુલ્લી ગટર બંધ કરવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, ચમારડી જાપો વિસ્તારમાં આવેલ જે અંતિમ ઉતારો વિસામો આવેલ છે. તેની આજુબાજુમાં ગંદુપાણી ભરવામા કારણે મરણની પણ આસામાન્ય જળવાતી ન હોય, અને અંતિમ સંસ્કારમાં જતી વખતે વિસામોમા શબને ઉતારવામાં આવે ત્યારે ગંદા પાણીમા થઈને ચાલવું પડતું હોય તો તાત્કાલિક આ ગંદા પાણીનો નિકાલ કરવો જો આ બાબતે કાર્યવાહી કરવામાં નહીં આવે તો ના છુટકે અન્નજળનો ત્યાગ કરવાની ફરજ પડશે અને વિમાસો સામે ભુખ હડતાલ કરવાની ફરજ પડશે તો તાત્કાલીક ઘટતુ કરવા અને આ બન્ને પ્રશ્નનો નિકાલ લાવવા અંતમાં માંગ કરેલ છે.

## સાવરકુંડલાનાં ઈ-ધરા વિભાગનાં કર્મચારી સામે ગંભીર પ્રકારનો આક્ષેપ

# રૂપિયા ૨૫ હજારની લાંચ ન અપાતા જમીનની નોંધ નામંજૂર કરી દેવાયાનો આક્ષેપ

### ઘનશ્યામનગરનાં વૃધ્ધ નર્મદાબેન સાંગાણી અને અંકુરભાઈ સાંગાણીએ એસ.પી.ને પત્ર પાઠવ્યો

### એક તો ૧૨ વર્ષે કાચી નોંધ પાડી અને બાદમાં ૨૫ હજાર ન આપતા તે પણ રદ કરી નખાયાનો આક્ષેપ

### 'ખાતો નથી ખાવા દેતો નથી' અને જીરો ટોલરન્સની ગુલબાંગો વચ્ચે મહેસુલ વિભાગ સામે ગંભીર આક્ષેપ

### વચેટિયા મારફત નાણા માંગવાનો જબ્બરો ખેલ ચાલી રહ્યો હોય મામલો અતિ ગંભીર

અમરેલી, તા. ૪

સાવરકુંડલાનાં ઘનશ્યામનગરની વૃધ્ધ નર્મદાબેન રામજીભાઈ સાંગાણી અને તેમના પૌત્ર અંકુરભાઈએ પોલીસ અધિક્ષકને પત્ર પાઠવીને સાવરકુંડલાનાં ઈ-ધરા કેન્દ્રમાં ચાલતી કામગીરી સામે ગંભીર આક્ષેપો કરતાં ચકચાર મચી ગઈ છે.

એસ.પી.ને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, જે મારી ૮૦ વર્ષથી વધારે ઉંમરની વૃધ્ધાવસ્થા હોવાથી શારીરિક અસમર્થતાના કારણે મારા વતી વહીવટકર્તા તરીકે કામકાજ કરે છે. કેમ કે અરજદાર નં. ૨ ના પિતા જે મારો પુત્ર છે તેમનું અવસાન થયેલ છે.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિકના તા. ૨૮/૫/૨૦૨૬નાં અંકમાં પ્રસિધ્ધ થયેલ સમાચારના આધારે અને તેના અનુસંધાનમાં મળેલ માર્ગદર્શનથી ન્યાયની આશા સાથે આ અરજી કરવા પ્રેરાયેલ છું. મેં આદસંગ (તા. સાવરકુંડલા) ગામના ખાતેદાર કિશોરભાઈ વલ્લભભાઈ મુલાણી પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૬૧/૨૦૧૨ તા. ૩ ફેબ્રુઆરી-૨૦૧૨ થી તેમની સર્વે નં. ૧૨૭ પૈકી ૨ હે.આરે. ૩-૨૫-૭૭ ચો.મી., સર્વે નં. ૨૫૦/૩ પૈકી ૧ હે.આરે. ૦-૩૮-૪૫ તથા સર્વે નં. ૨૫૧ હે.આરે. ૧-૩૫-૫૭થી વેચાણ રાખેલ છે. મારા આ જમીનના ટાઈટલ કલીયર બાબતે કે અમારી બન્ને પાર્ટી વચ્ચે કોઈ તકરાર કે વાંધો-વિવાદ નથી. અરજદાર નં. ૨ મારા પૌત્રએ જયારે માંગ્યા અને જેટલા માંગ્યા તે જરૂરી તમામ ડોકયુમેન્ટસ મહેસુલી કચેરીને રજુ કરેલ છે. છતાં વર્ષો પછી પણ મારી આ જમીનની નોંધ ગામ નમૂના નં. ૬ હકકપત્રકે મંજૂર થયેલ નથી અને સંબંધીત મહેસુલી સક્ષમ અધિકારી તરફથી બદઈરાદાપૂર્વક હું અન્યાયનો ભોગ બનું છું. તેનું માત્ર કારણ કે નોંધ મંજૂર કરવાના બદલામાં જે રૂશ્વતની રકમ માંગવામાં આવે છે તે મારી આર્થિક સ્થિતિ મુજબ ઘણી વધારે હોવાથી લાંચના આટલા નાણાં આપવા મેં સતત અસમર્થતા જાહેર કરી ઈન્કાર કરેલ છે. એટલે મારી આ નોંધ મંજૂર કરવામાં આવતી નથી.

વધુમાં જણાવેલ છે કે, છેલ્લે અમારા વિસ્તારનાં એક અગ્રણીને આ સમગ્ર હકીકતની રજૂઆત કરતા તે સમયે તેમણે ઈ-ધરા શાખાના સક્ષમ અધિકારીને ભલામણ કરેલ છે. એ પછી તેમણે કાચી નોંધ પાડેલ હોવાનું જાણવા મળેલ. તો તે મુજબ નોંધ મંજૂર કરવાને બદલે રૂા. ૨૫,૦૦૦ લાંચ પેટે લેવાના બદ ઈરાદાથી લાંબો સમય સુધી પેન્ડીંગ રાખેલ અને પછી છેલ્લે આ સક્ષમ અધિકારીને અમારા તરફથી રૂા. ૨૫,૦૦૦ આપવાની અસમર્થતા જતીનભાઈ એલ. મહેતા (કે જેઓ દસ્તાવેજો, અરજીઓ, અપીલો વિગેરેનું કામ કરે છે.) મારફત જણાવી ઈન્કાર કરેલ. જતીનભાઈ મહેતા મારફત ના પાડવાનું કારણ તેમના મારફત રૂા. ૨૫,૦૦૦ની માંગણી કરેલ અને તે પણ આ તંત્રમાં ઈન્ડાયેકટ લાંચ લેવાનું એક હીડન નેટવર્ક ચાલે છે તે મુજબ છે તેવું મને જાણવા મળેલ છે. કેમ કે જમીનની નોંધ હોય કે ખેડૂત ખાતેદારના દાખલા હોય કે બિનખેતીનો કેસ હોય બધા જ લાંચના વ્યવહારો આ હિડન નેટવર્ક મારફત એટલે કે નેટવર્કથી જોડાયેલ વચ્ચેના માણસો કલેકશન કરી લેય છે. એટલે સજજડ કે ડોકયુમેન્ટરી પુરાવો અસંભવ બને. પણ જે દિવસે રૂા. ૨૫,૦૦૦ આપવાની ના પાડી એ પછી ત્વરીત કે બીજે દિવસે સક્ષમ અધિકારીએ હોદાની રૂઈએ મળેલ અધિકારોનો દુરૂઉપયોગ કરી ''હાલનું ઈન્ડેક્ષ-બી રજૂ થયેલ નથી, વહેચણી સમયે ૩૮ ગુંઠાના ત્રણ ટુકડા પડેલ છે. ટુકડો પાડવા અંગે સક્ષમ અધિકારીની મંજૂરી અંગેની નોંધ રેકર્ડ પર થયેલ હોવાનું માલુમ પડતું નથી'' જેવા ગૌણ કારણો મેન્શન કરીને નોંધ ના મંજૂર કરેલ છે. તે અડમીટેબલ સાંયોગીક પુરાવો છે. બીજુ જો માંગણી મુજબ રૂા. ૨૫,૦૦૦ આપ્યા હોય તો આ કોઈ કવેરી મેન્શન કરવાના હતા નહી તે પણ એડમીટેબલ હકીકત છે અને જો માંગણી મુજબ લાંચ આપે તો આ કવેરીઓ મેન્શન ન કરવી અને ન આપે તો કવેરીઓ મેન્શન કરી નોંધ નામંજૂર કરવી તે પણ હોદાનો દુરૂઉપયોગ અને લાંભ આપવા મજુબર કરવાનો કેસ બને.

વધુમાં જણાવેલ છે કે, મારી નોંધ વર્ષોથી ખરીદેલ જમીન કે જેનો કબ્જો-ભોગવટો પણ હું કરૂ છું અને અમો વેચનાર-લેનાર વચ્ચે કોઈ તકરાર, વાદ-વિવાદ કે વાંધો નથી. એટલે તે મુજબ ગામ નમૂના નં. ૬ હકકપત્રકે નોંધ મંજૂર કરાવવા ન્યાયીક મદદ કરો., કાયદાની જોગવાઈ મુજબ કોઈ મેન્ડેટરી કહેવાય તેવી કવેરી ન હોવા છતાં માત્ર લાંચ લેવાના ઈરાદે મનસ્વી ગૌણ કવેરીઓ આપીને અમારી નોંધ નામંજૂર કરેલ છે. તેની સામે ફોજદારી કાર્યવાહી થતી હોય તો કરવી., આપના વિભાગ ધ્વારા જરૂરી તપાસ કરી નોંધ નામંજૂર કરનાર કસુરવાર જણાય તો હોદાનો દુરૂઉપયોગ કરી નોંધ નામંજૂર કરનાર જવાબદાર સામે જરૂરી કાર્યવાહી કરવા મહેસુલી તંત્રને રીપોર્ટ કરવા અંતમાં માંગ કરેલ છે.

### નગરજનો ઘરે બેઠા ફરિયાદ કરી શકે તે માટે વોટસએપ ગૃપ બનાવ્યું

## અમરેલી પાલિકાનાં લાંચિયા કર્મચારીઓને ઘર ભેગા કરવા સહિતનાં નિર્ણય કરવામાં આવ્યા

### પિંક ટોયલેટ સહિતની સુવિધા પણ વધારાશે





અમરેલી, તા. ૪

અમરેલી નગરપાલિકામાં નવ નિર્મિત ભાજપની બોડી સતાનાં સૂત્રો સંભાળ્યા બાદ પ્રથમ સામાન્ય સભા પાલિકાનાં સભાખંડમાં યોજાયેલ હતી. જેમાં પાલિકામાં લાંચિયા અધિકારીઓ કર્મચારીઓને ઘરભેગા કરવા તેમજ નગરજનોએ ઘરબેઠા ફરિયાદ અંગે વોટસએપ ગ્રુપ ચાલુ કરવા પ્રિ મોન્સુન કામગીરી હાથ ધરવા અને વણથંભી વિકાસ યાત્રાને ગતિ આપવાનાં સબ વાહિની કાર્યરત કરવા સહિતની કામગીરીની મંજૂરી આપવામાં આવેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી નગરપાલિકાનાં ૧૧ વોર્ડનાં ૪૪ સદસ્યોમાંથી ૩૦ સદસ્યો ભાજપનાં ૧૩ સદસ્યો કોંગ્રેસનાં અને ૧ અપક્ષ ચૂંટાયેલ હતા. ભાજપને ગત ટર્મ કરતા ૫ બેઠક ઓછી મળેલ હતી પરંતુ સ્પષ્ટ બહુમતી સાથે સતાનાં સૂત્રો સંભાળવામાં આવેલ હતા. જેમાં સામાન્ય મહિલા પ્રમુખ પદ હોવાથી વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળિયા પ્રમુખપદે બિન હરીફ થયા બાદ આજે પાલિકા કચેરીનાં સભાખંડમાં પ્રમુખનાં અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં સ્ટ્રીટ લાઈટ રોડ રસ્તા પ્રિ મોન્સુન કામગીરી જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ હતી. તેમજ શહેરીજનોની ફરિયાદોની સુવિધામાં વધારા રૂપે વોટસએપ ગ્રુપ આધારિત એક નવી સુવિધા શરૂ કરવા તેમજ પાલિકા હદથી ૫૦ કિલોમીટર સુધી શબ વાહિની સેવા શરૂ કરવા મહિલા પિંક ટોયલેટ સુવિધા ઉભી કરવા કોમન પ્લોટ વિકાસ ગરીબ અને મધ્યમ વર્ગ માટે આવાસ યોજના સહિતનાં મહત્વનાં ૧૧ કામોને મંજૂરી આપવામાં આવેલ હતી. બાહોશ અને જાગૃત મહિલા પ્રમુખ તેમજ વિકાસ પુરૂષ પી.પી. સોજીત્રા દ્વારા પાલિકામાં લાંચિયા અધિકારીઓ કર્મચારીઓને ઘરભેગા કરવા નિર્ણય કરવામાં આવેલ હતો.

જોકે હાલ લોકોને રખડતા ભટકતા પશુ શેરી કુતરાઓના ત્રાસ માંથી મુક્તિ અપાવી જન્મ મરણનાં દાખલા કઢાવવા માટે કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં પણ વારો આવતો ન હોવા અંગે સતાધીશો નિર્ણાયક પગલાં ભરે તેવી માંગ ઉઠેલ હતી.

## લીલીયા વિસ્તારમાં વાયર ચોરી કરતા શખ્સને ઝડપી લેવાયો



અમરેલી, તા. ૪

લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ખારા ગામથી સનાળીયા ગામ તથા લીલીયા ગામ જતા રોડ ઉપર આવેલ અલગ-અલગ વાડી ખેતરોમાંથી કેબલ વાયરની ચોરી કરેલ આરોપી બેચરભાઈ ઉર્ફે ભોડીયો સારાભાઈ પરમાર (રહે.કુતાણા) ને રૂપિયા ૧૩૬૨૦નાં મુદ્દામાલ સાથે લીલીયા પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ છે.





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦, પહેલા માળે, હિરબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

આપણો સમાજ
એજયુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING / MSC NURSING / PBBSC NURSING
ANM NURSING / GNM NURSING / BHMS/BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692


















### ૧૦ જૂન બાદ મોનસૂનની ગતિ ધીમી પડી શકે છે

# કેરળમાં મોનસૂનની એન્ટ્રી, વરસાદનું ઓરેંજ એલર્ટ

## ઓડિશા, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, દિલ્હી અને તેલંગાણા સહિત ૨૪ રાજ્યોમાં વરસાદ, વાવાઝોડા અને ભારે પવનની ચેતવણી જાહેર

નવી દિલ્હી, તા.૪

દેશમાં દક્ષિણ-પશ્ચિમ મોનસૂનનું સત્તાવાર આગમન થઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ જાહેરાત કરી છે કે, મોનસૂન કેરળમાં પહોંચી ગયો છે. આગામી ત્રણથી ચાર દિવસમાં મોનસૂન કર્ણાટકના દરિયાકાંઠા પરથી આગળ વધીને ગોવા તરફ પહોંચશે. હાલ મોનસૂનની પ્રગતિ માટે અનુકૂળ પરિસ્થિતિઓ જોવા મળી રહી છે. જોકે, ૧૦ જૂન બાદ મોનસૂનની ગતિ ધીમી પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કેરળના અનેક વિસ્તારોમાં ગઈ રાતથી જ ભારે વરસાદ વરસી રહ્યો છે. મોનસૂનના આગમન સાથે હવે દેશભરના લોકોની નજર એ બાબતે છે કે, દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતને ગરમીમાંથી રાહત ક્યારે મળશે. IMDના અંદાજ મુજબ આગામી બે થી ચાર દિવસમાં ઉત્તર પ્રદેશ, દિલ્હી અને દેશના અન્ય અનેક વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થવાની સાથે ગરમીથી રાહત મળવાની શક્યતા છે. આઈએમડીએ ઓડિશા, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, દિલ્હી અને તેલંગાણા સહિત ૨૪ રાજ્યોમાં વરસાદ, વાવાઝોડા અને ભારે પવનની ચેતવણી જાહેર કરી છે. રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડે ભારે વરસાદ, કરા અને ભારે પવનની ચેતવણી જાહેર કરી છે, જ્યારે દિલ્હી માટે આગામી બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ૩થી ૪ દિવસ દરમિયાન મોનસૂન કર્ણાટકના દરિયાકાંઠા પરથી આગળ વધીને ગોવાની અક્ષાંશ રેખા સુધી પહોંચી શકે છે. મોનસૂનની આગળ વધવા માટે જરૂરી તમામ હવામાનીય પરિબળો હાલમાં અનુકૂળ છે. જોકે IMDના વૈજ્ઞાનિકોનું માનવું છે કે ૧૦ જૂન બાદ મોનસૂનની પ્રગતિ ધીમી થઈ શકે છે.

મોનસૂનના આગમન પહેલાં જ હવામાન વિભાગે ગુરુવારે સવારે કેરળના ત્રણ જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. અલપ્પુઝા, કોટ્ટાયમ અને એર્નાકુલમ જિલ્લાઓમાં આગામી ત્રણ કલાક સુધી ભારે વરસાદ અને ગાજવીજની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

IMD અનુસાર વરસાદ અને ગાજવીજ દરમિયાન સપાટી પર પવનની મહત્તમ ગતિ પ્રતિ કલાક ૪૦ કિલોમીટર સુધી પહોંચી શકે છે. તિરુવનંતપુરમ, કોલ્લમ, પથનમથિટ્ટા, ઈડુક્કી અને ત્રિશૂર જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં પણ પવનની ગતિ ૪૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે અગાઉ ગુરુવાર માટે કેરળના આઠ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું. ઓરેન્જ એલર્ટનો અર્થ ૧૧થી ૨૦ સેન્ટીમીટર સુધી અતિભારે વરસાદની સંભાવના થાય છે. મોનસૂનના સક્રિય થતાં આગામી દિવસોમાં દેશના અનેક રાજ્યોમાં વરસાદી માહોલ જામવાની અને ગરમીથી રાહત મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### પતિ પત્ની વચ્ચે વૈવાહિક અધિકારોનો ઇનકાર માનસિક ક્રૂરતા

# વાજબી કારણ વગર જાતીય સંબંધોનો ઇનકાર છૂટાછેડાનો એક માન્ય આધાર : SC

## હાઈકોર્ટના આદેશને પડકારતી પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સુપ્રીમ કોર્ટે ૨ જૂને પોતાનો ચુકાદો આપ્યો હતો

નવી દિલ્હી, તા.૪

આશરે 15 વર્ષ અલગ રહેતા એક ડોક્ટર્સ દંપતીના છૂટાછેડાને મંજૂરી આપતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે લગ્ન સબંધિત કોર્ટ કેસો લાંબા સમય સુધી પડતર રહે તો લગ્ન માત્ર કાગળ પર જ જીવંત રહે છે. ભારતીય અદાલતો વારંવાર કહી ચૂકી છે કે વાજબી કારણ વગર જીવનસાથીને સતત શારીરિક સંબંધોથી વંચિત રાખવું ગંભીર ભાવનાત્મક પીડા પહોંચાડે છે અને લગ્નના મૂળ આધારને નબળો પાડે છે અને તે છૂટાછેડાનો આધાર બની શકે છે. ન્યાયાધીશ સંજય કરોલ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખંડપીઠે નોંધ્યું હતું કે રાજસ્થાન હાઈકોર્ટે ઘણા આધારો પર છૂટાછેડા મંજૂર કર્યા હતાં, જેમાં પત્ની દ્વારા અનેક વખત જાતીય સંબંધોનો ઈનકાર કરીને પતિ સામે કરવામાં આવેલી ક્રૂરતા પણ એક આધાર હતો.

પતિની અપીલને મંજૂરી આપીને આપવામાં આવેલ છૂટાછેડાનું હુકમનામું માન્ય રાખવામાં આવે છે. કોર્ટે જણાવ્યું હતું કે વાજબી કારણ વગર જાતીય સંબંધોનો સતત ઈનકાર કરવા સહિત વૈવાહિક અધિકારોનો ઈનકાર માનસિક ક્રૂરતા ગણાય છે અને હિન્દુ લગ્ન ધારાની કલમ 13(1)(ia) હેઠળ છૂટાછેડા માટે માન્ય આધાર છે. ખંડપીઠે નોંધ્યું હતું કે ડિસેમ્બર 2007માં લગ્ન કરનાર પતિ અને પત્ની બંને ડોક્ટર છે અને અનુક્રમે રાજસ્થાન તથા ગુજરાતમાં સરકારી સેવા બજાવે છે. બંને 15 વર્ષથી વધુ સમયથી અલગ રહે છે, તેમના કોઈ સંતાન નથી અને અનેક પ્રયાસો છતાં સમાધાન શક્ય બન્યું નથી. બંધારણની કલમ 142 હેઠળની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ લગ્ન સંપૂર્ણપણે તૂટી ગયા છે અને હવે તેમને જાળવી રાખવાનો કોઈ અર્થ નથી. હાઈકોર્ટના આદેશને પડકારતી પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સુપ્રીમ કોર્ટે 2 જૂને પોતાનો ચુકાદો આપ્યો હતો.

### ૭૬ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

# સુપરહિટ ફિલ્મો આપનારા પહલાજ નિહલાનીનું નિધન

## બોલિવૂડના દિગ્ગજ ફિલ્મ નિર્માતા છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા અને તેમને લીવરને લગતી સમસ્યાઓ હતી

મુંબઈ, તા.૪

ભારતીય સિનેમા જગતમાંથી એક ખૂબ જ દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. બોલિવૂડના દિગ્ગજ ફિલ્મ નિર્માતા અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ના પૂર્વ અધ્યક્ષ પહલાજ નિહલાનીનું મુંબઈમાં નિધન થયું છે. તેઓ ૭૬ વર્ષના હતા. પારિવારિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નિહલાની છેલ્લા કેટલાક સમયથી તબિયત નાદુરસ્ત હતી, જેના પછી આજે તેમણે અંતિમ શ્વાસ લીધા છે. કહેવામાં આવી રહ્યું છે કે, તેઓ લીવર સંબંધિત સમસ્યા સામે ઝઝૂમી રહ્યા હતા. જો કે, તેમના મૃત્યુના ચોક્કસ કારણની સત્તાવાર પુષ્ટિ થવાની હજી બાકી છે. તેમના અવસાનના સમાચારથી આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર છવાઈ ગઈ છે. માહિતી મુજબ, તેમના અંતિમ સંસ્કાર મુંબઈના સાંતાક્રુઝ સ્થિત સ્મશાનગૃહમાં કરવામાં આવી શકે છે. ઘણી ફિલ્મી હસ્તીઓ અને સહયોગીઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી છે.પહલાજ નિહલાની ભારતીય સિનેમાના એવા નિર્માતાઓમાંથી એક હતા, જેમણે ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં ઘણી વ્યવસાયિક અને લોકપ્રિય ફિલ્મોનું નિર્માણ કર્યું હતું. તેમણે પોતાની કરિયરમાં ઘણી હિટ અને માસ એન્ટરટેઈનર ફિલ્મો દર્શકો સુધી પહોંચાડી હતી. તેમની મુખ્ય ફિલ્મોમાં ગુનાહોં કા ફેસલા, પાપ કી દુનિયા, મિટ્ટી ઔર સોના, શોલા ઔર શબ્નમ અને આંખેં જેવી ચર્ચિત ફિલ્મો સામેલ છે. નિહલાનીને ખાસ કરીને કમર્શિયલ સિનેમા માટે જાણવામાં આવતા હતા. તેમની ફિલ્મોમાં એક્શન, ડ્રામા અને મનોરંજનનું મજબૂત મિશ્રણ જોવા મળતું હતું, જે તે સમયના દર્શકો વચ્ચે ખૂબ જ લોકપ્રિય રહ્યું હતું. તેમણે ઘણા મોટા સ્ટાર્સ સાથે કામ કર્યું અને તેમની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન પણ કર્યું હતું.

પછીના વર્ષોમાં તેમણે ફિલ્મ સર્ટિફિકેશન બોર્ડની કમાન પણ સંભાળી અને CBFCના અધ્યક્ષ તરીકે કામ કર્યું હતું. આ દરમિયાન તેઓ ઘણી વખત પોતાના કડક નિર્ણયો અને નિયમોને લઈને ચર્ચામાં રહ્યા હતા. તેમના કાર્યકાળમાં સેન્સરશિપને લઈને ઘણી ચર્ચાઓ અને વિવાદો પણ સામે આવ્યા, જેના કારણે તેઓ સતત લાઈમલાઈટમાં બનેલા રહ્યા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમના યોગદાનને યાદ કરતા ઘણા લોકોએ કહ્યું કે, તેઓ એક એવા નિર્માતા હતા જેમણે કમર્શિયલ સિનેમાની પરંપરાને મજબૂતી આપી હતી. તેમના નિધનને હિન્દી સિનેમાના એક યુગના અંત તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

### દિલ્હી અગ્નિકાંડે સિસ્ટમ પર ઉઠાવ્યા સવાલો

# ફાસ્ટ ફૂડ ૧૦ જ મિનિટમાં, પણ ઈમરજન્સી સેવા માટે ૧ કલાકનો વિલંબ!

નવી દિલ્હી, તા.૪

આજના ડિજિટલ યુગમાં આપણને ગ્રોસરી કે ફાસ્ટ ફૂડ માત્ર ૧૦ મિનિટમાં ઘરના દરવાજે મળી જાય છે. પણ આ સુવિધા વચ્ચે એક કડવી વાસ્તવિકતા છુપાયેલી છેઃ જ્યારે જિંદગી અને મોતનો સવાલ હોય, ત્યારે આપણી ઈમરજન્સી સેવાઓ ક્યાં હોય છે? દક્ષિણ દિલ્હીના માલવીય નગરમાં આવેલી ફ્લોરિશ સ્ટેઝ (B&B) હોટલમાં લાગેલી ભીષણ આગે આ પ્રશ્નને એક કરુણ વળાંક આપ્યો છે. આ અગ્નિકાંડમાં ૧૨ વિદેશી નાગરિકો સહિત ૨૧ લોકોએ જીવ ગુમાવ્યો છે.સવારે ૮ વાગ્યાની આસપાસ હોટલના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા કિચન અને કેફેટેરિયામાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. આ પાંચ માળની બિલ્ડિંગમાં આગ એટલી ઝડપથી ફેલાઈ કે રહેનારાઓને બહાર નીકળવાની તક પણ ન મળી.દુર્ઘટનાની ગંભીરતા ત્યાંથી સમજાય છે કે હોટલ તેની ક્ષમતા કરતા ચાર ગણા વધુ લોકો સાથે કાર્યરત હતી અને તેની પાસે ફાયર સેફ્ટી ક્લિયરન્સ પણ નહોતું. પ્રવાસન વિભાગ અને ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન આ દુર્ઘટનાનું મુખ્ય કારણ માનવામાં આવે છે.જયારે સિસ્ટમ ઊંઘતી હતી, ત્યારે સ્થાનિક લોકોએ પોતાની જાન જોખમમાં મૂકીને બચાવ કામગીરી શરૂ કરી હતી. સ્થાનિક લોકોએ બારીઓના કાચ તોડી લોકોને બહાર કાઢ્યા. ઉપરના માળેથી કૂદવા મજબૂર બનેલા લોકો માટે ગાદલાં પાથર્યા. બેભાન લોકોને CPR આપીને બચાવવાનો પ્રયાસ કર્યો. એક વાયરલ વીડિયોમાં એક વ્યક્તિ ગુસ્સામાં કહેતા સંભળાય છે, "ફાયર બ્રિગેડ હજુ સુધી નથી આવી, કેટલી ખરાબ સર્વિસ છે તંત્રની! માત્ર એમ્બ્યુલન્સ આવી છે. અંદર ઘણા લોકો ફસાયેલા છે. ઘટનાસ્થળથી ફાયર સ્ટેશન અને પોલીસ સ્ટેશન માત્ર ૩ મિનિટના અંતરે હોવા છતાં, ફાયર બ્રિગેડ પહોંચતા લગભગ ૫૦-૬૦ મિનિટ લાગી.દિલ્હી ફાયર સર્વિસનું કહેવું છે કે, અમને ૮:૫૦ વાગ્યે કોલ મળ્યો હતો અને અમે તાત્કાલિક સાત ગાડીઓ રવાના કરી હતી, કોઈ વિલંબ થયો નથી. પરંતુ સવાલ એ છે કે ૫૦ મિનિટ સુધી શું કોઈએ કાળા ધુમાડા નહોતા જોયા? આ ઘટના બાદ રાજકારણ પણ તેજ બન્યું છે. AAPની દિલ્હી યુનિટના ચીફ સૌરભ ભારદ્વાજે સવાલ ઉઠાવ્યો છે કે, જ્યારે સ્થાનિક લોકો બચાવ કામગીરી કરી રહ્યા હતા, ત્યારે શું પોલીસ કે ફાયર બ્રિગેડને કંઈ ખબર નહોતી? આટલા નજીક સ્ટેશન હોવા છતાં એક કલાક મોડા પહોંચવું એ ગંભીર બેદરકારી છે.

### અન્નામલાઈ બાદ ભાજપને લાગશે વધુ એક ઝટકો

# કેપ્ટન અમરિંદરની કોંગ્રેસ પક્ષમાં ઘરવાપસીના સંકેત!

## હુડ્ડાએ કેપ્ટનને પોતાના જૂના મિત્ર અને વરિષ્ઠ સાથી ગણાવ્યા છે, જેના કારણે કેપ્ટનની કોંગ્રેસમાં વાપસીની અટકળો તેજ થઈ છે

ચંદીગઢ, તા.૪

પંજાબમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ દાવો કર્યો છે કે, પૂર્વ મુખ્યમંત્રી કૅપ્ટન અમરિન્દર સિંહ કોંગ્રેસના સંપર્કમાં છે. હુડ્ડાએ કૅપ્ટનને પોતાના જૂના મિત્ર અને વરિષ્ઠ સાથી ગણાવ્યા છે, જેના કારણે કૅપ્ટનની કોંગ્રેસમાં વાપસીની અટકળો તેજ થઈ છે.ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાના આ દાવા પર પંજાબ ભાજપના પ્રવક્તા પ્રિતપાલ સિંહ બલિયાવાલે પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું કે, માત્ર સંપર્કમાં હોવું કોઈ મોટી વાત નથી અને આ બાબતના અન્ય કોઈ અર્થ ન કાઢવા જોઈએ. તેમણે કટાક્ષ કરતાં એમ પણ ઉમેર્યું કે, રણદીપ સુરજેવાલા અને કુમારી શૈલજા તો એવું કહે છે કે, હુડ્ડા પોતે જ કોઈના સંપર્કમાં નથી રહેતા.

કૅપ્ટન અમરિન્દર સિંહ ભાજપની કામગીરી નારાજ હોવાનું મનાય છે. તેમનું કહેવું છે કે, કોંગ્રેસમાં પંજાબના નિર્ણયો લેતી વખતે તેમની સલાહ લેવાતી હતી, જ્યારે ભાજપમાં હાઈકમાન્ડ સીધા નિર્ણયો લે છે. પંજાબ ભાજપના પ્રમુખ તરીકે માત્ર ધિલ્લોનની નિમણૂક કરતી વખતે પણ તેમની કોઈ સલાહ લેવામાં આવી ન હતી.

કૅપ્ટને તાજેતરમાં જ કહ્યું હતું કે, તેઓ આજે પણ કોંગ્રેસને મિસ કરે છે અને તેને એક પરિવાર સમાન ગણે છે. તેમણે ઉમેર્યું કે તેમના જન્મદિવસ પર અને ભાઈ રણધીરના અવસાન પર રાહુલ ગાંધી (ઈટ્ટરેટ્ટ ખ્ટ્ટહટ્ટરૈ)એ સંદેશો મોકલ્યો હતો, પરંતુ ભાજપમાંથી કોઈએ સંવેદના પણ વ્યક્ત કરી ન હતી.કૅપ્ટન અમરિન્દર સિંહ પંજાબ ચૂંટણી માટે અકાલી દળ સાથે ગઠબંધન કરવાના પક્ષમાં છે. જોકે, ભાજપ નેતૃત્વ તમામ ૧૧૭ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી ચૂક્યું છે. આ મતભેદોના કારણે કૅપ્ટન ભાજપમાં અવગણના અનુભવી રહ્યા છે.આ રાજકીય હલચલ વચ્ચે તમિલનાડુ BJPના પૂર્વ અધ્યક્ષ કે.અન્નામલાઈ પણ પક્ષમાંથી રાજીનામું આપે તેવી ચર્ચા છે. જોકે, હજુ તેમનું રાજીનામું સ્વીકારાયું નથી. એવી અટકળો છે કે, અન્નામલાઈ નવો રાજકીય પક્ષ બનાવી શકે છે, પરંતુ તેમણે હજુ સુધી કોઈ સત્તાવાર યોજના જાહેર કરી નથી.

### ૯૭ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

# બંધારણ નિષ્ણાત અને પદ્મભૂષણ ડો. સુભાષ કશ્યપનું નિધન થયું

## ડો. સુભાષ કશ્યપ ચાર દાયકા સુધી સંસદ સાથે જોડાયેલા રહ્યા હતા અને લોકસભાના મહાસચિવ બન્યા હતા

નવી દિલ્હી, તા.૪

ભારતીય બંધારણ, સંસદીય પરંપરાઓ અને લોકશાહી સંસ્થાઓના પ્રખ્યાત વિદ્વાન ડૉ. સુભાષ સી. કશ્યપનું ૯૭ વર્ષની વયે તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. મળતી માહિતી અનુસાર, તેમનું મૃત્યુ કાર્ડિયો-પલ્મોનરી અરેસ્ટ (હૃદયરોગના હુમલા)ના કારણે થયું છે. ડૉ. કશ્યપ દેશના અગ્રણી બંધારણીય નિષ્ણાત, રાજકીય વિશ્લેષક અને સંસદીય બાબતોના અગ્રગણ્ય એક્સપર્ટ હતા. તેમના નિધનથી દેશના રાજકીય, સંસદીય અને શૈક્ષણિક જગતમાં શોકની લહેર છે.

૧૦ મે, ૧૯૨૯ના રોજ જન્મેલા ડૉ. સુભાષ કશ્યપે ભારતીય સંસદ સાથે જોડાયેલી અનેક મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. તેમણે વર્ષ ૧૯૫૩માં સંસદ સચિવાલયથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને લગભગ ૩૭ વર્ષ સુધી સીધા સંસદ સાથે જોડાયેલા રહ્યા હતા. તેઓ વર્ષ ૧૯૮૪થી ૧૯૯૦ દરમિયાન ૭મી, ૮મી અને ૯મી લોકસભાના મહાસચિવ (સેક્રેટરી જનરલ) રહ્યા હતા. આ ત્રણેય લોકસભાના કાર્યકાળ દરમિયાન સંસદીય કામકાજના સંચાલનમાં અને સંસદીય સંસ્થાઓને મજબૂત બનાવવામાં તેમણે અજોડ ભૂમિકા ભજવી હતી. વૈશ્વિક સ્તરે પણ તેમણે જિનીવા સ્થિત ઈન્ટરનેશનલ સેન્ટર ફોર પાર્લામેન્ટ્રી ડોક્યુમેન્ટેશન (IPU)નું નેતૃત્વ કર્યું હતું.

ડૉ. સુભાષ કશ્યપ ભારતીય બંધારણ અને સંસદીય પ્રક્રિયાઓના એટલા મોટા જ્ઞાની હતા કે તેમણે પોતાના જીવનકાળ દરમિયાન ૧૦૦થી વધુ પુસ્તકો અને ૫૦૦થી વધારે રિસર્ચ પેપર્સ લખ્યા હતા. તેઓ ભારત સરકાર માટે પંચાયતી રાજ કાયદા અને સંસ્થાઓના માનદ બંધારણીય સલાહકાર પણ રહી ચૂક્યા હતા. આ ઉપરાંત, તેઓ લાંબા સમય સુધી ભારતીય રાષ્ટ્રીય બાર એસોસિએશન (INBA)ના પ્રમુખ તરીકે પણ કાર્યરત રહ્યા હતા. જાહેર બાબતો અને દેશના બંધારણીય માળખાને મજબૂત કરવામાં આપેલા અમૂલ્ય યોગદાન બદલ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં તેમને દેશના પ્રતિષ્ઠિત નાગરિક સન્માન પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.પોતાના જીવનના અંતિમ વર્ષોમાં પણ તેઓ નવી દિલ્હી સ્થિત સેન્ટર ફોર પોલિસી રિસર્ચ (CPR)માં માનદ સંશોધન પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા હતા. ડૉ. કશ્યપ બંધારણના કામકાજની સમીક્ષા માટે રચાયેલા રાષ્ટ્રીય આયોગના સભ્ય હતા અને તેની ડ્રાફ્ટિંગ તેમજ એડિટોરિયલ (સંપાદકીય) સમિતિના અધ્યક્ષ પણ રહ્યા હતા. એટલું જ નહીં, દેશમાં ચર્ચાસ્પદ બનેલા વન નેશન, વન ઈલેક્શન (એક દેશ, એક ચૂંટણી)ની સંભાવનાઓ પર વિચાર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા જે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી, તેના મુખ્ય સભ્યોમાં પણ તેમનો સમાવેશ થતો હતો. બંધારણીય બાબતો, કાયદાકીય વિષયો અને સંસદીય પરંપરાઓમાં તેમનું પ્રદાન દેશ હંમેશા યાદ રાખશે.

# ગીર પંથકમાં કેસર કેરી ઉતારવાની કામગીરી લગભગ પૂર્ણતાને આરે

અમદાવાદ,તા.૪

ગીર પંથકની પ્રખ્યાત કેસર કેરીનો પાક હવે તેના અંતિમ તબક્કામાં છે અને બગીચાઓમાં કેરી ઉતારવાની કામગીરી લગભગ પૂરી થવા આવી છે.હાલમાં વાતાવરણમાં અચાનક પલટો જોવા મળી રહ્યો છે અને આકાશમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે, જેને પગલે અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટાં પણ પડયા છે.જો વધારે વરસાદ પડે અને સાથે ભારે પવન કે વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાય તો જ પાકને નુકસાન થઈ શકે છે. બાકી હાલની સ્થિતિમાં ચિંતા કરવાનું કોઈ કારણ નથી.નિષ્ણાતોના મતે,હાલમાં જે છૂટાછવાયા ઝાપટાં પડી રહ્યા છે તેનાથી કેરીના પાકને કોઈ મોટું નુકસાન નથી.આગામી દિવસોમાં પણ વાતાવરણ પલટાયેલું રહેવાની અને વરસાદની આગાહી કરવામાં આવી છે.કેસર કેરી જ્યારે સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગઈ હોય ત્યારે જો ભારે પવન સાથે વરસાદ તૂટી પડે,તો ઝાડ પરથી મોટી માત્રામાં કેરીઓ ખરી પડે છે.નીચે પડવાથી કેરી પછડાય છે અને ડાઘ પડી જાય છે.પરિણામે બજારમાં તેનો યોગ્ય ભાવ મળતો નથી.ઉપરાંત,વાતાવરણમાં ભેજ વધવાથી ઉતારેલી કેરીમાં ફૂગ અને સડો લાગવાની શક્યતાઓ પણ વધી જાય છે.આ બદલાયેલા વાતાવરણની વચ્ચે ખેડૂતો માટે બીજી એક મોટી સમસ્યા સોનમાખનો હુમલો છે.હાલમાં જ્યારે કેરી પાકવાની અવસ્થામાં છે.ત્યારે સોનમાખ કેરીની છાલ પર બેસીને અંદર પોતાના ઈંડા મૂકે છે.આ ઈંડામાંથી નીકળતી ઈયળો કેરીના માવાને ખાઈ જાય છે અને અંદરથી જ કેરીને સડાવી દે છે.આનાથી થતો સૌથી મોટો ગેરફાયદો એ છે કે બહારથી આકર્ષક અને સારી દેખાતી કેરી જ્યારે કાપવામાં આવે છે,ત્યારે તે અંદરથી સંપૂર્ણપણે બગડેલી નીકળે છે.

### બાકીના પૈસા ના મળતા ડોક્ટરે ફરી હાડકુ તોડી નાખ્યું

# ડોક્ટરે હાડકાના ઓપરેશન માટે ગેરકાયદે વસૂલાત કરી

## આ પીડિત વિધવા મહિલાએ જિલ્લાના આરોગ્ય વિભાગ પર સારવારના નામે ગેરકાયદે વસૂલીનો આરોપ લગાવ્યો

મુઝફ્ફરનગર, તા.૪

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં આવેલી જિલ્લા કલેક્ટર કચેરી (કલેક્ટોરેટ) પર એક લાચાર માતા રેશમા પોતાની ૧૪ વર્ષની માનસિક રીતે અસ્વસ્થ દીકરીને લઈને ન્યાયની ગુહાર લગાવવા પહોંચી. આ પીડિત વિધવા મહિલાએ જિલ્લાના આરોગ્ય વિભાગ પર સારવારના નામે ગેરકાયદે વસૂલી અને ઘોર બેદરકારી દાખવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

મહિલાનો આરોપ છે કે, 'સરકારી હોસ્પિટલના ડૉક્ટરે મારી દીકરીની યોગ્ય સારવાર માટે માત્ર પૈસાની જ માંગણી નહોતી કરી, પરંતુ ખોટી રીતે સારવાર કરીને મારી માસૂમ દીકરીના પગને પણ ભારે નુકસાન પહોંચાડ્યું છે.'પીડિત માતા રેશમાએ જણાવ્યું કે, 'લગભગ દોઢ મહિના પહેલાં જિલ્લા હોસ્પિટલમાં મારી દીકરીના જમણા પગના હાડકાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ માટે હોસ્પિટલના કર્મચારીઓએ મારી પાસે ૨૫,૦૦૦ની માગ કરી હતી. મેં વિધવા હોવાનું જણાવીને આટલી રકમ આપવામાં અસમર્થતા વ્યક્ત કરી, તો તેઓએ સારવાર કરવાનો જ ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ મેં ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સમક્ષ ન્યાયની ગુહાર લગાવી, જેમણે સીએમઓ (ચીફ મેડિકલ ઓફિસર)ને મફત સારવાર કરવાનો આદેશ આપ્યો. આમ છતાં હોસ્પિટલના કર્મચારીઓએ મારી પાસેથી ૮,૦૦૦ રૂપિયા લઈ લીધા અને બાકીના પૈસા પછીથી ચૂકવવાનું કહ્યું હતું. પરંતુ જ્યારે તેમને બાકીના પૈસા ન મળ્યા તો તેમણે ફરી હાડકું તોડી નાખ્યું.'મહિલાને ડોક્ટરે થોડા દિવસો પછી ચેકઅપ માટે આવવા કહ્યું હતું જેથી કરીને દીકરીનું ઘૂંટણ વાળી શકાય. જ્યારે મહિલા તેની દીકરીને લઈને હોસ્પિટલ પહોંચી, ત્યારે ઓપરેશન કરનાર ડૉક્ટર ચતુર્વેદીએ દીકરીનું ઘૂંટણ જબરદસ્તીથી વાળી દીધું હતું. આ દરમિયાન માસૂમ બાળકી પીડાના લીધે ચીસ પાડી ઉઠી હતી અને તેના પગમાંથી હાડકું તૂટવાનો અવાજ આવ્યો હતો, તેમ છતાં ડૉક્ટરોએ તેને ત્યાંથી ભગાડી મૂકી હતી. ત્યારબાદ જ્યારે બાળકીના પગનો એક્સ-રે કરાવવામાં આવ્યો, ત્યારે તેમાં હાડકું તૂટેલું હોવાનું સામે આવ્યું હતું. આ બાબતે પરેશાન માતાએ મોટા ડૉક્ટરોને ફરિયાદ કરી, પરંતુ કોઈએ તેની વાત નહોતી સાંભળી.

આ સમગ્ર ગંભીર મામલે મુઝફ્ફરનગરના ચીફ મેડિકલ ઓફિસર (સીએમઓ) સુનિલ તેવતિયાનું નિવેદન પણ સામે આવ્યું છે. સીએમઓનું કહેવું છે કે, 'બીજા પક્ષની વાત સાંભળ્યા વિના અત્યારે આ મામલે કંઈપણ કહેવું ઉતાવળ ગણાશે. જોકે, તેમણે ખાતરી આપી છે કે આ આખા પ્રકરણની ગંભીરતાથી તપાસ કરાવવામાં આવશે. જો તપાસમાં હોસ્પિટલના કર્મચારીઓ કે ડોક્ટરોની કોઈ પણ પ્રકારની બેદરકારી સામે આવશે, તો તેમની સામે કડક કાનૂની અને વહીવટી કાર્યવાહી કરવામાં આવશે.'

### ૨૦૨૬માં ચીનનો વૃદ્ધિ દર ઘટી ૪.૫ ટકા, ૨૦૨૭માં ૪.૩ ટકા રહેવાનો અંદાજ

# વૈશ્વિક આંચકાઓ વચ્ચે પણ ૨૦૨૭માં ભારત ૬.3% વૃદ્ધિ નોંધાવશેઃ EOCD

## રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જાન્યુઆરી ૨૦૨૫મમાં મનીટરી પોલિસી રેડ ૬.૫ ટકા રાખ્યો હતો, જે ફેબ્રુઆરી ૨૦૨૬માં ૫.૨૫ ટકાના ન્યૂટ્રલ દરે હતા

નવી દિલ્હી, તા.૪

પશ્ચિમ એશિયામાં સંકટના પગલે વૈશ્વિક અર્થતંત્ર ધીમું પડી રહ્યું હોવાથી ભારતમાં પણ અસર જોવા મળી શકે છે. ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (EOCD)ના અંદાજ મુજબ નાણાકીય વર્ષ 2026-27 (2027) દરમિયાન ભારત 6.3 ટકા અને 2027-28 (2028)માં 6.4 ટકા વૃદ્ધિ દર નોંધાવી શકે છે. ઊભરતા બજારના અર્થતંત્રો પૈકી ચીનનો વૃદ્ધિ દર વર્ષ 2025માં 5.0 ટકા હતો, જે વર્ષ 2026માં ઘટીને 4.5 ટકા અને 2027માં 4.3 ટકા રહેવાનો અંદાજ છે. ચીનમાં એનર્જીની સમસ્યા અને રીઅલ એસ્ટેટમાં ઉથલપાથલથી વૃદ્ધિ દર પ્રભાવિત થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. EOCDના રિપોર્ટમાં જણાવ્યા મુજબ, વૈશ્વિક અર્થતંત્રના પરિપ્રેક્ષ્યમાં મધ્ય પૂર્વનો સંઘર્ષ મહત્ત્વનું પરિબળ બની રહેશે. અખાતી દેશોમાંથી મળતા ઈંધણ ઉપરાંત મહત્ત્વના કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનોની કિંમતો ફેબ્રુઆરી મહિના બાદથી વધી છે અને ઉત્પાદન સાથે નિકાસ પ્રવૃત્તિ પણ મંદ થઈ છે. જેના કારણે ફુગાવાને પ્રોત્સાહન મળ્યું છે અને આવક-આર્થિક વૃદ્ધિ પર દબાણ આવ્યું છે. જીડીપી વૃદ્ધિ દરના અંદાજ સુધારીને નીચા કરાયા છે અને ફુગાવામાં પણ વધારાનો અંદાજ વધ્યો છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જાન્યુઆરી 2025મમાં મનીટરી પોલિસી રેડ 6.5 ટકા રાખ્યો હતો, જે ફેબ્રુઆરી 2026માં 5.25 ટકાના ન્યૂટ્રલ દરે હતો. ધિરાણના દરોમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. નોન-ફૂડ બેંક ક્રેડિટમાં માર્ચમાં ગત વર્ષની સરખામણીએ 15.9 ટકા વ્યાપ વધ્યો છે. તાજેતરના વૈશ્વિક ઘટનાક્રમે ફુગાવાનું દબાણ વધાર્યું હોવાથી ખાદ્ય વસ્તુના ભાવ વધી શકે છે.

### કેન્દ્રીય ગૃહમંત્રી શાહ સામે લગાવ્યો હતો ગંભીર આરોપ

# ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજી સામે FIR દાખલ

## બાંગ્લાદેશના હાઈ-પ્રોફાઈલ હત્યાકાંડમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને ગૃહ મંત્રી અમિત શાહનું નામ ઢસેડવા બદલ FIR

કોલકાતા, તા.૪

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને TMC પ્રમુખ મમતા બેનરજીની મુશ્કેલીઓ ફરી એકવાર વધી ગઈ છે. કોલકાતામાં એક વિરોધ પ્રદર્શન દરમિયાન બાંગ્લાદેશના હાઈ-પ્રોફાઈલ હત્યાકાંડમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને ગૃહ મંત્રી અમિત શાહનું નામ ઢસેડવા બદલ તેમની સામે FIR નોંધવામાં આવી છે. આ ફરિયાદ સિલીગુડી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એક વકીલ દ્વારા નોંધાવવામાં આવી છે.

આ વિવાદ ૨ જૂન ૨૦૨૬ના રોજ કોલકાતાના ધર્મતલા (Y-ચેનલ)માં TMCના એક ધરણા પ્રદર્શન દરમિયાન શરૂ થયો હતો. પોતાના ભાષણમાં મમતા બેનરજીએ દાવો કર્યો હતો કે, મને બાંગ્લાદેશમાં થયેલી એક મોટી હત્યા પાછળના સંપૂર્ણ ષડયંત્ર અને તેમાં સામેલ લોકોના નામની માહિતી છે, પરંતુ હું તેનો ખુલાસો નહીં કરું કારણ કે તેનાથી પાડોશી દેશમાં ઉથલ-પાથલ મચી શકે છે. તેમનો ઈશારો સ્પષ્ટપણે બાંગ્લાદેશી વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન બિન હાદીની હત્યા તરફ હતો.

નોંધાયેલી ફરિયાદ પ્રમાણે મમતા બેનરજીએ ધરણા સ્થળ પરથી કહ્યું હતું કે, STFએ બાંગ્લાદેશથી એક મોટા હત્યારાની ધરપકડ કરી હતી. આ બાબતે બાંગ્લાદેશમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા. હું બીજા દેશોની વાત નથી કરી રહી, મારો પોઈન્ટ એ છે કે તે લોકો મેઘાલયના રસ્તે બંગાળમાં આવ્યા. અહીં આવ્યા બાદ અમારી STFએ તેમને પકડ્યા. ગૃહ મંત્રી પોતે કહી રહ્યા છે. મેં આટલા દિવસ સુધી કંઈ નહોતું કહ્યું, પરંતુ આજે અત્યાચાર તેની ચરમસીમા વટાવી ગયો છે, એટલે બોલી રહી છું. મારું હૃદય સત્યનો ભંડાર છે.

મમતા બેનરજીના આ સનસનીખેજ દાવા બાદ સિલીગુડીના વકીલ રિંકી ચેટર્જી સિંહે તેમની સામે સિલીગુડી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફોજદારી ગુનો નોંધાવ્યો છે. વકીલનું કહેવું છે કે, મમતા બેનરજીએ પોતાના નિવેદનમાં દેશના ગૃહ મંત્રાલયનું નામ પણ ઢસેડ્યું છે. વકીલનો આરોપ છે કે ખુલ્લા મંચ પરથી દેશના વહીવટીતંત્ર સાથે જોડાયેલી આવી સંવેદનશીલ અને ગુપ્ત માહિતી જાહેર કરવાથી દેશની સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, આ જ વકીલે ગત અઠવાડિયે પણ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અન્ય એક મામલે ફરિયાદ નોંધાવી હતી.

બાંગ્લાદેશના ઈક્લાબ મંચના સંયોજક અને ભારત વિરોધી શરીફ ઉસ્માન બિન હાદીને ૧૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ઢાકામાં ગોળી મારવામાં આવી હતી. ૧૮ ડિસેમ્બરના રોજ સિંગાપોરની એક હોસ્પિટલમાં તેનું નિધન થઈ ગયું, ત્યારબાદ બાંગ્લાદેશમાં ભારે ભારત-વિરોધી પ્રદર્શનો થયા હતા. હત્યાના મુખ્ય શંકાસ્પદ આરોપીઓ- ફૈઝલ કરીમ મસૂદ અને આલમગીર હુસૈન કથિત રીતે મેઘાલય સરહદેથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા હતા. પશ્ચિમ બંગાળ STFએ માર્ચ ૨૦૨૬માં આ લોકોની ધરપકડ કરી હતી અને ત્યારથી તેઓ ભારતીય એજન્સીઓની કસ્ટડીમાં છે.

મમતા બેનરજીના આ નિવેદને સરહદ પાર પણ રાજકીય હલચલ તેજ કરી દીધી છે અને ત્યાંના ભારત-વિરોધી જૂથોને નવો મુદ્દો આપી દીધો છે. જો કે, બાંગ્લાદેશ સરકારે મમતાના દાવાઓથી અંતર જાળવી રાખ્યું છે. બાંગ્લાદેશના વિદેશી બાબતોના રાજ્ય મંત્રી શમા ઉબૈદે આ અંગે સત્તાવાર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, કોઈ અન્ય દેશમાં ચૂંટણીની મોસમ દરમિયાન એક રાજકીય નેતાની ટિપ્પણીઓ પર જવાબ આપવો યોગ્ય નથી. ઉસ્માન હાદીની હત્યાના શંકાસ્પદોના પ્રત્યાર્પણ માટે અમે સીધા જ રાજદ્વારી ચેનલો દ્વારા ભારત સરકારના સંપર્કમાં છીએ અને આ મામલે ઘણી પ્રગતિ થઈ ચૂકી છે.

### તૃણમૂલનો ડખો ભાજપ માટે લોટરી?

# બે મહત્ત્વના બિલ પસાર થાય તે પહેલા સંસદમાં બદલાશે સમીકરણ!

### ભાજપની નજર સંસદમાં તાકાત વધારવા પર છે, જેથી અટકેલા મહત્ત્વના બંધારણીય સુધારાઓ સરળતાથી પાસ કરાવી શકાય

નવી દિલ્હી, તા.૪

ભારતીય રાજનીતિ ક્યારેય સ્થિર નથી હોતી, ક્યાંક ને ક્યાંક, કંઈક ને કંઈક ખળભળાટ તો મચતો જ રહે છે. છેલ્લા ઘણા સમયથી દેશભરના આકર્ષણનું કેન્દ્ર બનેલા પશ્ચિમ બંગાળના રાજકારણમાં અત્યારે જે હલચલ જોવા મળી રહી છે તેની સીધી અસર દિલ્હીની સંસદ સુધી પહોંચી શકે એમ છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ(TMC)ની અંદર આંતરિક વિખવાદ અને વિભાજનના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. પક્ષના પ્રમુખ મમતા બેનર્જી માટે આ એક મોટો આંચકો હોઈ શકે છે, પરંતુ ભારતીય જનતા પાર્ટી માટે આ એક 'મોટું રાજકીય ઈનામ' જીતવાની સુવર્ણ તક છે. પશ્ચિમ બંગાળની વિધાનસભામાં ભાજપ પહેલેથી જ ૨/૩ બહુમતી સાથે સંપૂર્ણ પ્રભુત્વ ધરાવે છે, તેથી રાજ્ય સ્તરે તેને કોઈના સમર્થનની જરૂર નથી. ભાજપની અસલી નજર સંસદ (લોકસભા અને રાજ્યસભા) માં પોતાની તાકાત વધારવા પર છે, જેથી અટકેલા મહત્ત્વના બંધારણીય સુધારાઓ સરળતાથી પાસ કરાવી શકાય.બંગાળના રાજકારણમાં મમતા બેનર્જી માટે મુશ્કેલીઓ ત્યારે વધી જ્યારે પૂર્વ CPI(M) નેતા ઋતબ્રત બેનર્જી(જેઓ ૨૦૧૮માં TMCમાં જોડાયા હતા અને તાજેતરમાં 'પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ' માટે હાંકી કઢાયા હતા)ને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપવામાં આવી. મમતા બેનર્જીએ આ પદ માટે પોતાના વરિષ્ઠ નેતા સોવનદેવ ચટ્ટોપાધ્યાયને ટેકો આપ્યો હતો. આમ છતાં ઋતબ્રત બેનર્જીએ TMCના ૮૦ ધારાસભ્યોમાંથી ૫૮ ધારાસભ્યોના સમર્થનનો દાવો કરીને બધાને ચોંકાવી દીધા છે. અસંતુષ્ટ જૂથના મતે આ સંખ્યા ૬૦ સુધી પહોંચી શકે છે. ભાજપના નેતાઓનું માનવું છે કે આ આંતરિક ઝઘડાના કારણે ટૂંક સમયમાં જ TMCમાં વિભાજન થશે.

જો બંગાળમાં TMCના ધારાસભ્યો વિભાજિત થશે તો તેની સીધી અસર સંસદમાં જોવા મળશે. સંસદમાં રહેલા TMCના સાંસદો પણ અલગ બ્લોક (જૂથ) બનાવી શકે છે. ભાજપના આંકડાકીય ગણિત મુજબ અમુક શક્યતાઓ જોઈએ.- જો સંસદમાં ૧૫, ૨૦ કે ૨૫ સાંસદો ધરાવતું કોઈ અલગ TMC જૂથ બને, તો તે NDA સરકારને બહારથી કે સીધું સમર્થન આપી શકે છે.-આ સમર્થનથી ભાજપને પોતાના મહત્ત્વકાંક્ષી કાયદાઓ પસાર કરવા માટે જરૂરી બહુમતી મળી જશે.

-ભાજપ આ ઘટનાક્રમને મહારાષ્ટ્રમાં શિવસેના અને NCPમાં થયેલા વિભાજન તેમજ તાજેતરમાં આમ આદમી પાર્ટી (AAP) માં થયેલા વિભાજન સાથે સરખાવી રહ્યું છે. AAPમાં રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં ૧૦માંથી ૭ રાજ્યસભા સાંસદો ભાજપ સાથે જોડાતા ૨૪૫ સભ્યોના ઉપલા ગૃહમાં NDAની સંખ્યા ૧૪૧ થઈ ગઈ હતી. આ જ પેટર્ન હવે બંગાળમાં પુનરાવર્તિત થવાની સંભાવના છે.

વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ પોતાના દમ પર સ્પષ્ટ બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું, જેના કારણે બંધારણીય સુધારા માટે જરૂરી ૨/૩ બહુમતીનો આંકડો ઘણો દૂર થઈ ગયો છે. એપ્રિલ, ૨૦૨૬માં સરકારને મોટો ફટકો પડ્યો જ્યારે સીમાંકન બિલ (Delimitation Bill, ૧૩૧મો બંધારણીય સુધારો) લોકસભામાં ૨/૩ બહુમતી ન મળવાને કારણે પસાર થઈ શક્યું નહીં. આ બિલનો હેતુ દેશની ચૂંટણી સીમાઓ ફરીથી નક્કી કરવાનો અને લોકસભાની બેઠકોની સંખ્યા ૫૪૫ થી વધારીને ૮૫૦ કરવાનો છે.

આ સિવાય સરકાર વન નેશન, વન ઈલેક્શન (એક રાષ્ટ્ર, એક ચૂંટણી) બિલ પણ લાવવા માંગે છે, જે લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ એકસાથે કરાવવાનો પ્રસ્તાવ રાખે છે. હાલમાં આ બિલ પી.પી.ચૌધરીની અધ્યક્ષતાવાળી ૩૯ સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિ (JPC) હેઠળ તપાસ હેઠળ છે. સરકાર ઈચ્છે છે કે વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં આ બંને કાયદા અમલમાં આવી જાય.

જ્યારે એપ્રિલમાં સીમાંકન બિલ રજૂ કરાયું ત્યારે NDA પાસે ૨૯૮ સભ્યોનું સમર્થન હતું, પણ કોંગ્રેસ, DMK અને TMC સહિતના ઈન્ડિયા (INDIA) ગઠબંધનના ૨૩૦ સાંસદોએ તેનો વિરોધ કર્યો હતો. વિરોધપક્ષોનો દાવો હતો કે સીમાંકનને મહિલા અનામત સાથે જોડવામાં ન આવે અને તેનાથી દક્ષિણના રાજ્યોનું રાજકીય મહત્ત્વ ઘટી જશે. પરંતુ તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ રાજકીય સમીકરણો બદલાયા છે.-તમિલનાડુમાં પોતાની હાર અને સાથી પક્ષ કોંગ્રેસના સી. જોસેફ વિજયની આગેવાની હેઠળની TVK સરકારમાં જોડાવાના નિર્ણયથી દ્રવિડ પક્ષ હચમચી ગયો છે.-સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપે DMK તરફ સહકારનો હાથ લંબાવ્યો છે અને DMK પણ કેન્દ્ર સરકારને મુદ્દા આધારિત સમર્થન આપવા તૈયાર દેખાઈ રહ્યું છે.-કેન્દ્રીય ગૃહ મંત્રાલય હવે સીમાંકન બિલનો એવો સુધારેલો ડ્રાફ્ટ તૈયાર કરી રહ્યું છે, જેમાં DMK જેવા પ્રાદેશિક પક્ષોની ચિંતાઓ દૂર કરી શકાય.વર્તમાન લોકસભામાં DMK પાસે ૨૨ સાંસદો અને TMC પાસે ૨૮ સાંસદો છે. જો દ્રવિડ બિલને સમર્થન આપવા સંમત થાય, તો ૫૪૩ સભ્યોના ગૃહમાં ૨/૩ બહુમતી માટે NDAને વધારાના માત્ર ૪૨ મતોની જરૂર પડશે. આવી સ્થિતિમાં, જો બંગાળમાં TMC તૂટે છે અને તેમાંથી ૧૫થી ૨૦ સાંસદોનું અલગ જૂથ ભાજપને ટેકો આપે છે, તો NDA ખૂબ જ સરળતાથી 'સીમાંકન' અને 'વન નેશન, વન ઈલેક્શન' જેવા ઐતિહાસિક બિલો પસાર કરાવી શકશે. આમ, બંગાળનું આંતરિક રાજકીય સંકટ આડકતરી રીતે કેન્દ્રની મોદી સરકારને વધુ શક્તિશાળી બનાવવાનો માર્ગ મોકળો કરી રહ્યું છે.

### ગુજરાતની ચાર બેઠકો માટે ચૂંટણી યોજાશે

# રાજ્યસભાની ચૂંટણી માટે ગુજરાત ભાજપે ચાર ઉમેદવારો જાહેર કર્યા

### ગુજરાત ભાજપે આ વખતે બ્રાહ્મણ, આદિવાસી, રાજપૂત અને ઓબીસી સમાજમાંથી ઉમેદવારોની પસંદગી કરી છે

અમદાવાદ,તા.૪

દેશ સહિત ગુજરાતમાં ખાલી પડેલી રાજ્યસભાની બેઠકો માટે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતની ચાર બેઠકો માટે ચૂંટણી યોજાશે. આ ચૂંટણી માટે ભાજપે ચાર ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે આ વખતે એક પણ મહિલા ઉમેદવારને ટિકિટ નથી આપી. ચારેય પુરૂષ ઉમેદવારોને ટિકિટ આપી છે. ભાજપે જાહેર કરેલા ઉમેદવારોમાં રાજુભાઈ શુકલ, મુકેશ રાઠવા, માનસિંહ પરમાર અને જિતેન્દ્ર કંજારિયાને મેદાનમાં ઉતારાયા છે. ભાજપે જાહેર કરેલા ઉમેદવારોમાં રાજુભાઈ શુકલ કડી ભાજપના દિગ્ગજ કાર્યકર છે અને સુરેન્દ્રનગરના પ્રભારી છે. જીતેન્દ્ર કંજારિયા દ્વારકા જિલ્લામાં ભાજપના મોટા કાર્યકર છે. તેઓ સામાજિક અને રાજકીય કાર્યક્રમોમાં સક્રિય હોય છે. તેઓ ખંભાળિયાના પૂર્વ ધારાસભ્ય મેઘજીભાઈના પુત્ર છે. આ ઉપરાંત તેઓ દ્વારકા જિલ્લા પંચાયતમાં પૂર્વ કારોબારી સમિતિના ચેરમેન પણ રહ્યાં છે. માનસિંહ પરમારની વાત કરવામાં આવે તો તેઓ ગીર સોમનાથના વતની છે. હાલમાં તેઓ ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે સક્રિય છે. મુકેશ રાઠવા છોટા ઉદેપુર જિલ્લાના મહામંત્રી છે. ગુજરાત ભાજપે આ વખતે બ્રાહ્મણ, આદિવાસી, રાજપૂત અને ઓબીસી સમાજમાંથી ઉમેદવારોની પસંદગી કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના નેતાઓને રાજ્યસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ગત ટર્મમાં રમીલાબેન બારાને મહિલા ઉમેદવાર તરીકે તક અપાઈ હતી. પરંતુ આ વખતે ભાજપે એક પણ મહિલાને તક આપી નથી. ચારેય પુરૂષ ઉમેદવારોને આ વખતે ભાજપે તક આપી છે.રાજ્યસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતની ચાર બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવાની આખરી તારીખ આઠમી જૂન છે. જ્યારે ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૧૧ જૂન છે. ૧૮ જૂને સવારે ચૂંટણીનું મતદાન યોજાશે અને સાંજે મતગણતરી હાથ ધરાશે. આ વખતે ગુજરાતમાં કોંગ્રેસની હાલત ખસ્તા છે. વિધાનસભામાં ઓછા સભ્યો હોવાના કારણે ભાજપ ચારેય બેઠકો પર બિનહરિફ જીત મેળવી શકે છે.

### આગ લાગવાની એક ચિંતાજનક ઘટના સામે આવી

# રાજુલાના કુંભારીયા ગામની ગૌશાળામાં ભીષણ આગ

### સમયસૂચકતા અને સામૂહિક પ્રયાસોના કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ છે

અમરેલી,તા.૪

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાંથી આગ લાગવાની એક ચિંતાજનક ઘટના સામે આવી છે. રાજુલા તાલુકાના કુંભારીયા ગામે બસ સ્ટેન્ડની બિલકુલ સામે આવેલી એક ગૌશાળામાં અચાનક અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા સમગ્ર પંથકમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સમયસૂચકતા અને સામૂહિક પ્રયાસોના કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ છે.ઘટનાની મળતી વિગતો અનુસાર, કુંભારીયા બસ સ્ટેન્ડ સામે આવેલી ગૌશાળામાં અચાનક આગ લાગતા જ સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ગૌશાળામાં રહેલા અબોલ પશુઓનો જીવ જોખમમાં મુકાતા ગામલોકોએ તાત્કાલિક એકઠા થઈને પોતપોતાની રીતે પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાના ભગીરથ પ્રયાસો શરૂ કર્યા હતા, પરંતુ આગ વધુ વિકરાળ હોવાના કારણે આ અંગે તાત્કાલિક રાજુલા ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી.આગની ગંભીરતાને જોતાં રાજુલા ફાયર ફાયટરની ટીમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. કુંભારીયા ગામના સરપંચ, જાગૃત ગ્રામજનો અને ફાયર વિભાગની ટીમની ભારે જહેમત અને સંયુક્ત પ્રયાસો આખરે રંગ લાવ્યા હતા અને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો. રાહતની વાત એ છે કે, આ ભયાનક આગની દુર્ઘટનામાં કોઈ પશુ કે માણસને ઈજા કે જાનહાનિ થવા પામી નથી, તેમજ કોઈ મોટું નુકસાન થયું નથી. આગ સમયસર કાબૂમાં આવી જતાં ગૌશાળા સંચાલકો અને ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે.

### મુસાફરી વધુ સરળ અને આરામદાયક બનશે

# અમદાવાદના પાંચ રેલવે સ્ટેશનોના રિડેવલોપમેન્ટનું કામ ચાલી રહ્યું છે

### કાલુપુર (અમદાવાદ સેન્ટ્રલ), સાબરમતી, મણિનગર, અસારવા અને વટવા રેલવે સ્ટેશનનો સમાવેશ થાય છે

અમદાવાદ, તા.૪

મેગા સિટી અમદાવાદ હવે વૈશ્વિક સ્તરના પરિવહન હબ તરીકે ઉભરી રહ્યું છે. સ્માર્ટ સિટીના વિઝનને આગળ ધપાવતા, અમદાવાદના પાંચ પ્રમુખ રેલવે સ્ટેશનોના રિડેવલોપમેન્ટનું કામ હાલ પૂર ઝડપે ચાલી રહ્યું છે. ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ધ્યાનમાં રાખીને આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોને સાંકળતા મુખ્ય પાંચ સ્ટેશનોના મેકઓવરનું કાર્ય અત્યારે પ્રગતિમાં છે. જેમાં કાલુપુર (અમદાવાદ સેન્ટ્રલ), સાબરમતી, મણિનગર, અસારવા અને વટવાનો સમાવેશ થાય છે. આ પાંચેય સ્ટેશનો આગામી સમયમાં નવા રંગરૂપ અને આધુનિક સુવિધાઓ સાથે સજ્જ જોવા મળશે, જેનાથી રોજિંદા લાખો મુસાફરોની મુસાફરી વધુ સરળ અને આરામદાયક બનશે. આ સમગ્ર પ્રોજેક્ટમાં સાબરમતી રેલવે સ્ટેશનનું રિડેવલોપમેન્ટ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર છે. સાબરમતી સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે અંદાજે રૂ.૩૩૪.૯૨ કરોડનો માતબર ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ નવું સ્ટેશન માત્ર ટ્રેન પકડવા માટેની જગ્યા નહીં, પરંતુ એક હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.નવા સાબરમતી સ્ટેશનની આધુનિક સુવિધાઓ :- વર્લ્ડ ક્લાસ ફૂડ કોર્ટ અને રિટેઈલ એરિયામાં મુસાફરો માટે બ્રાન્ડેડ આઉટલેટ્સ અને ખાણી-પીણીની ઉત્તમ વ્યવસ્થા. નાના બાળકો સાથે મુસાફરી કરતી મહિલાઓ માટે ખાસ પ્રાઈવેટ અને સુરક્ષિત સ્પેસ. ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે ૧૨૦૦થી વધુ વાહનો પાર્ક થઈ શકે તેવો અદ્યતન પાર્કિંગ એરિયા. સાબરમતી સ્ટેશનની સૌથી મોટી વિશેષતા તેનું મલ્ટી-મોડલ હબ છે. થોડા જ સમયમાં અમદાવાદના નાગરિકો અને બહારથી આવતા પ્રવાસીઓને એક અદભુત સુવિધા મળવા જઈ રહી છે. સાબરમતીથી કનેક્ટિવિટીના તમામ માધ્યમો એકઠા થશે. મુસાફરો માત્ર એક જ જગ્યાએથી તમામ પરિવહન સેવાઓનો લાભ લઈ શકશે. જેમાં બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, ભારતીય રેલવે અને BRTS અને AMTS બસ સેવાનો લાભ લઈ શકશે.

### ભારત-અમેરિકા ટ્રેડ ડીલ અંગે લેટેસ્ટ અપડેટ

# સર્જિયો ગોરે કહ્યું - ફક્ત ૧% મુદ્દાઓ પર ચર્ચા બાકી

### કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ખુલાસો કર્યો હતો કે આ ડીલ પર ૯૯% જેટલી વાતચીત પૂરી થઈ ગઈ છે

નવી દિલ્હી, તા.૪

ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલને લઈને સતત મોટા અને પોઝિટિવ અપડેટ્સ સામે આવી રહ્યા છે. બંને દેશો વચ્ચે લાંબા સમયથી અટકેલા મુદ્દાઓનો વહેલી તકે ઉકેલ લાવવા માટે હાલમાં જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. આ અઠવાડિયાની શરૂઆતમાં જ કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ખુલાસો કર્યો હતો કે આ ડીલ પર ૯૯% જેટલી વાતચીત સફળતાપૂર્વક પૂરી થઈ ગઈ છે. હવે ભારતમાં અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે પણ આ વાતને ટેકો આપતા જણાવ્યું છે કે, ઈન્ડિયા-યુએસ ટ્રેડ ડીલમાં હવે માત્ર ૧% જેટલા જ નાના-મોટા મુદ્દાઓ બાકી બચ્યા છે, જેને ઉકેલીને આગામી થોડા જ અઠવાડિયામાં આ મહત્ત્વનો કરાર પૂરો કરી લેવામાં આવશે. ભારતમાં અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું છે કે, આ ટ્રેડ ડીલ પર આખરી ચર્ચા કરવા માટે અમેરિકાનું એક હાઈ-લેવલ વ્યાપાર પ્રતિનિધિમંડળ હાલમાં ભારતના પ્રવાસે આવ્યું છે. આ ઐતિહાસિક કરારનું મુખ્ય માળખું પહેલેથી જ સંપૂર્ણપણે તૈયાર કરી લેવામાં આવ્યું છે. હવે બંને દેશોના અધિકારીઓ સત્તાવાર હસ્તાક્ષર કરતા પહેલા બાકી રહેલા માત્ર ૧% જેટલા નાના-મોટા મુદ્દાઓ ઉકેલવા પર જ પોતાનું પૂરું ધ્યાન આપી રહ્યા છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે આ મહત્ત્વનો કરાર પૂરો થવામાં હવે વર્ષોનો સમય નહીં લાગે, પરંતુ આગામી ગણતરીના અઠવાડિયામાં જ આ કામ પૂરું થઈ જશે. સર્જિયો ગોર પહેલા કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે પણ આ ડીલને લઈને આવો જ આશાવાદી સંકેત આપ્યો હતો. તેમણે ચાલુ સપ્તાહની શરૂઆતમાં જ સ્પષ્ટ કર્યું હતું કે, ભારત અને અમેરિકા પોતાના પ્રસ્તાવિત દ્વિપક્ષીય વ્યાપાર કરારના પ્રથમ તબક્કાને આખરી ઓપ આપવાની ખૂબ જ નજીક છે. નાની-મોટી સમસ્યાઓનું વહેલી તકે નિવારણ લાવવામાં આવી રહ્યું છે અને ભારત બહુ જ ટૂંક સમયમાં અમેરિકા સાથે પ્રથમ દ્વિપક્ષીય વ્યાપાર કરાર (BTA) પર સાઈન કરશે. એક તરફ જ્યાં ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર કરારને આખરી ઓપ આપવા માટે બેઠકો ચાલી રહી છે, તો બીજી તરફ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવા ટેરિફ પ્લાનને લીધે ભારતીય બજારોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. અહેવાલો મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત અને ચીન સહિતના કેટલાક દેશોમાંથી આવતી વસ્તુઓ પર ૧૨.૫%નો વધારાનો ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જોકે, ભારતીય ઉદ્યોગોની આ ચિંતાઓને દૂર કરતા અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે, આ ટેરિફ પ્લાન વિશેષ રૂપે માત્ર ભારતને ટાર્ગેટ કરીને બનાવવામાં આવ્યો નથી, તેથી ભારતે આ બાબતે બહુ ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

### સેટલમેન્ટ કરવાનો વીડિયો વાયરલ થયો

# દિવ્યાંગ વેપારીને માર મારનાર PSI સોનલ રાઠોડ સસ્પેન્ડ

### ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં એક મહિલા PSI સોનલ રાઠોડે દિવ્યાંગ વેપારીને ઢોર માર માર્યો હોવાનો આક્ષેપો

અમદાવાદ, તા.૪

અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં એક મહિલા PSI સોનલ રાઠોડે દિવ્યાંગ વેપારીને ઢોર માર માર્યો હોવાનો ગંભીર આક્ષેપો લાગ્યા હતા. સમગ્ર ઘટના બાદ મહિલા PSI પોતે પીડિત પ્રજ્ઞાચક્ષુ વેપારીના ઘરે પહોંચી સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હોવાના દ્રશ્યો ઘણાં જ વાયરલ થયો હતો. સમાધાન કરવા પીડિતના ઘરે પહોંચેલા PSI મેડમ મીડિયાને જોઈને ભાગતા દેખાયા હતા. આ કેસમાં PSI સોનલ રાઠોડને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મહિલા PSI સોનલ રાઠોડ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.અમદાવાદમાં થોડા દિવસથી ઘણા ચર્ચાસ્પદ કેસ એટલે કે, પીએસઆઈ સોનલ રાઠોડે દિવ્યાંગ વેપારીને માર્યા બાદ તેની સાથે સેટલમેન્ટ કરવાનો વીડિયો વાયરલ થયો હતો. આ કેસમાં એસપીએ વેપારીને માર મારવા બદલ પીએસઆઈ સોનલ રાઠોડને સસ્પેન્ડ કર્યા છે. મહિલા PSI સોનલ રાઠોડની સામે ફરિયાદી ગોપાલ ભાઈએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

અમદાવાદ શહેરના ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાંથી ગોપાલભાઈ દરજી નામના એક પ્રજ્ઞાચક્ષું દિવ્યાંગ કેબીન ચલાવી ગુજરાન ચલાવે છે. જેઓએ પોતાની કેબિનમાં પેકેટ ચોરી થતી હોવાની આશંકાએ એક સગીરનો હાથ ખેંચ્યો હતો. જે દરમિયાન સગીરના હાથમાં ઈજા થઈ હતી. જે મામલો બાદમાં પોલીસ સ્ટેશન પહોંચ્યો અને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં જ દિવ્યાંગ સાથે અમાનવીય વર્તન કરાયું હોવાનો આક્ષેપ કરાયો છે. પીડિત પજ્ઞાચક્ષું ગોપાલભાઈ દરજી પીએસઆઈ સોનલ રાઠોડની સામે આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે, પંચવટી ખાતે દુકાનમાંથી છોકરાઓ પડીકા તોડતા એક છોકરાને અજાણતા હાથ અડ્યો હતો. જે મામલો પોલીસ સ્ટેશને પહોંચતા પોલીસે મને યુનિવર્સિટી પોલીસે સ્ટેશને બોલાવ્યો હતો. જ્યાં છોકરાઓને વાગયુના હોવા છતાં મારી સામે ફરિયાદ કરવામાં આવી અને મને દંડા વડે માર મારવામાં આવ્યો હતો. ચાંગોદર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી મહિતા PSI સોનલ રાઠોડ મને માર્યો હતો.

પીડિતના આ આરોપને પોલીસ સ્ટેશનના PI સોનલ રાઠોડ અને સ્ટાફે ફગાવી દીધો હતો. આ પ્રકારની ઘટના બની હોવાનો ઈંકાર કર્યો હતો. આ આક્ષેપો ક્યાંક ક્યાંક સાચા હોવાનું પણ સાબિત થઈ રહ્યું છે. કારણ કે, જેના પર પજ્ઞાચક્ષુને માર મારવાના આરોપ ઉછળી રહ્યા છે તે મહિલા PSI સોનલ રાઠોડ પોતે પીડિતના ઘરે પહોંચ્યા હતા અને સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સમાધાન સમયે જ ત્યાં મીડિયા પહોંચી જતા PSI સોનલ રાઠોડ ફટાફટ ત્યાંથી નીકળી ગયા હતા. જોકે, આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ઘણો જ વાયરલ થઈ રહ્યો છે.

### પાલનપુર મુખ્ય મથક સાથે નવી બનાસકાંઠા રેન્જની રચના

# પાકિસ્તાન સાથે જોડાયેલી ગુજરાતની બોર્ડર રેન્જનું વિભાજન કરાયું

### મોરબી જિલ્લાને બોર્ડર રેન્જમાં સામેલ કર્યો છે

ગાંધીનગર, તા.૪

ગુજરાત સરકારે પોલીસ તંત્રના વહીવટી માળખામાં મહત્વપૂર્ણ ફેરફાર કરતાં હાલની બોર્ડર રેન્જનું વિભાજન કરીને નવી બનાસકાંઠા રેન્જ રચવાનો નિર્ણય કર્યો છે. નવી રેન્જનું મુખ્ય મથક પાલનપુર ખાતે રહેશે. રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા ઠરાવ મુજબ સરહદી વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાનું વધુ અસરકારક સંચાલન, દેખરેખ અને પોલીસ કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી દ્વારા રાજ્ય સરકારને રજૂ કરાયેલી દરખાસ્તના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી બોર્ડર રેન્જ હેઠળ પશ્ચિમ કચ્છ, પૂર્વ કચ્છ, પાટણ અને બનાસકાંઠા જેવા ચાર જિલ્લાઓનો સમાવેશ થતો હતો. આ તમામ જિલ્લાઓ પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય જમીન સરહદ સાથે જોડાયેલા હોવાથી સુરક્ષાની દષ્ટિએ અત્યંત મહત્વ ધરાવે છે. સરકારી દસ્તાવેજો મુજબ હાલની બોર્ડર રેન્જનો ભૌગોલિક વિસ્તાર આશરે ૫૫૦ કિલોમીટર જેટલો વિશાળ છે. એટલા મોટા વિસ્તારમાં આવેલા પોલીસ મથકો પર અસરકારક દેખરેખ રાખવામાં મુશ્કેલી સર્જાતી હતી. ખાસ કરીને કચ્છ જિલ્લો વિશાળ વિસ્તાર ધરાવતો હોવાથી અને તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને નવા વાવ-થરાદ જિલ્લાની રચના કરવામાં આવતા વહીવટી ભારણમાં વધારો થયો હતો.

સરકારના ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, બોર્ડર રેન્જની રચના વર્ષ ૧૯૯૫-૯૬ દરમિયાન કરવામાં આવી હતી. ત્યારબાદ કામગીરીના ભારણને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લાને પોલીસ વિભાગની દષ્ટિએ પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. હાલમાં બોર્ડર રેન્જ હેઠળ કુલ ૪૦૬.૮૭ કિલોમીટર આંતરરાષ્ટ્રીય જમીન સરહદ અને ૨૩૮ કિલોમીટર દરિયાઈ વિસ્તાર આવે છે. આટલા વિશાળ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સતત નજર રાખવામાં પડતી મુશ્કેલીઓને કારણે નવી રેન્જની જરૂરિયાત અનુભવાઈ રહી હતી. નવા માળખા મુજબ બનાસકાંઠા રેન્જ હેઠળ બનાસકાંઠા-પાલનપુર, પાટણ અને વાવ-થરાદ જિલ્લાનો સમાવેશ કરવામાં આવશે. જ્યારે હાલની બોર્ડર રેન્જ હેઠળ પશ્ચિમ કચ્છ-ભુજ, પૂર્વ કચ્છ-ગાંધીધામ અને મોરબી જિલ્લાનો સમાવેશ રહેશે.

સરકારે મોરબી જિલ્લાને પણ બોર્ડર રેન્જમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે. મોરબી જિલ્લો કચ્છને અડીને આવેલો હોવાથી સુરક્ષા અને વહીવટી સંકલનની દષ્ટિએ તેને બોર્ડર રેન્જ સાથે જોડવો જરૂરી હોવાનું માનવામાં આવ્યું છે.

### ટ્રમ્પને સૌથી મોટો ઝટકો

# ઈરાન વિરુદ્ધ યુદ્ધ રોકવા અંગે અમેરિકાની સંસદમાં પ્રસ્તાવ પાસ

### આ પ્રસ્તાવને કાયદાકીય સ્વરૂપ આપવા માટે હવે તેને અમેરિકન સંસદના ઉપલા ગૃહ એટલે કે 'સીનેટ'માંથી પણ પસાર કરાવવો પડશે

વોશિંગ્ટન, તા.૪

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તેમની જ સંસદમાં એક મોટો રાજકીય આંચકો લાગ્યો છે. અમેરિકન સંસદના નીચલા ગૃહ 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' (પ્રતિનિધિ સભા) એ ઈરાન સામેના યુદ્ધ પર રોક લગાવવા અને ત્યાંથી અમેરિકન સૈનિકોને પાછા બોલાવવા માટેનો એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ પસાર કરી દીધો છે. ડેમોક્રેટિક પાર્ટીના નેતૃત્વમાં લાવવામાં આવેલા આ પ્રસ્તાવનો મુખ્ય હેતુ સંસદ (કોંગ્રેસ)ની મંજૂરી વિના ઈરાન વિરુદ્ધ કોઈપણ પ્રકારના સૈન્ય પગલાં લેવાની પ્રમુખની સત્તા પર અંકુશ લગાવવાનો છે.ગૃહમાં 'વોર પાવર્સ રિઝોલ્યુશન' પર જોરદાર ટક્કર જોવા મળી હતી. આ પ્રસ્તાવની તરફેણમાં ૨૧૫ વોટ પડ્યા હતા, જ્યારે વિરોધમાં ૨૦૮ સાંસદોએ મતદાન કર્યું હતું. આ વોટિંગની સૌથી ખાસ વાત એ રહી કે ગૃહમાં પ્રમુખ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે બહુમતી હોવા છતાં તેઓ આ પ્રસ્તાવને રોકી શક્યા નહીં. રિપબ્લિકન પાર્ટીના જ ૪ સાંસદોએ પોતાની પાર્ટીના વલણની વિરુદ્ધ જઈને ડેમોક્રેટ્સના પક્ષમાં વોટ આપ્યો હતો. અગાઉ આ પ્રસ્તાવ ત્રણ વાર નિષ્ફળ ગયો હતો, પરંતુ આ વખતે તે પાસ થવામાં સફળ રહ્યો છે.ડેમોક્રેટ્સનો આરોપ છે કે પ્રમુખ ટ્રમ્પે સંસદની પૂર્વ પરવાનગી વિના ઈઝરાયેલ સાથે મળીને ઈરાન પર હુમલો કર્યો છે, જે અમેરિકન બંધારણનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. 'વોર પાવર્સ એક્ટ' અનુસાર, પ્રમુખએ સૈન્ય કાર્યવાહીના ૬૦ દિવસની અંદર સંસદની મંજૂરી લેવી અનિવાર્ય હોય છે, જેની સમયમર્યાદા સમાપ્ત થઈ ચૂકી છે. ડેમોક્રેટ્સે જણાવ્યું કે, આ પ્રસ્તાવ અમેરિકન જનતા તરફથી ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ છે કે ઈરાનમાં તેમનું ગેરકાયદેસર યુદ્ધ હવે બંધ થવું જોઈએ. જોકે, ટ્રમ્પ પ્રશાસનનો દાવો છે કે યુદ્ધ પહેલા જ ખતમ થઈ ચૂક્યું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે બંને તરફથી હજુ પણ ગોળીબાર અને હુમલા ચાલુ છે.રાજકીય વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પસાર થયેલો આ પ્રસ્તાવ હાલ પૂરતો મોટાભાગે પ્રતિકાત્મક છે. આ પ્રસ્તાવને કાયદાકીય સ્વરૂપ આપવા માટે હવે તેને અમેરિકન સંસદના ઉપલા ગૃહ એટલે કે 'સીનેટ'માંથી પણ પસાર કરાવવો પડશે. સીનેટ આ સપ્તાહે આ પ્રસ્તાવ પસાર કરી શકે છે. પરંતુ, જો આ પ્રસ્તાવ સીનેટમાંથી પાસ થઈને પ્રમુખ પાસે જશે, તો ટ્રમ્પ પોતાના વિશેષાધિકાર એટલે કે 'વીટો' પાવરનો ઉપયોગ કરીને તેને ફગાવી શકે છે. પ્રમુખના વીટોને નિષ્ક્રિય કરવા માટે સંસદના બંને ગૃહોમાં બે-તૃતીયાંશ (૨/૩) બહુમતીની જરૂર પડે છે, જે ડેમોક્રેટ્સ માટે મેળવવી અત્યંત મુશ્કેલ છે.ભલે આ પ્રસ્તાવ કાનૂની રીતે ટ્રમ્પને તત્કાલ ન રોકી શકે, પરંતુ રાજકીય રીતે આ ટ્રમ્પ માટે મોટો ફટકો છે. આગામી નવેમ્બર મહિનામાં યોજાનારી મિડટર્મ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રિપબ્લિકન સાંસદોમાં અસંતોષ વધી રહ્યો છે, કારણ કે ઈરાન યુદ્ધનો મુદ્દો ચૂંટણીમાં તેમની બેઠકો પર ભારે પડી શકે છે. તેવામાં પોતાની જ પાર્ટીના સાંસદોનો વિરોધ ટ્રમ્પ સરકાર માટે ચિંતાનો વિષય બન્યો છે.

## ગત વર્ષે ૨૪ લાખથી વધુ રોપાના વિતરણ સાથે સામાજિક વનીકરણ વિભાગનો નવો કીર્તિમાન

# અમરેલી જિલ્લાનાં ૬૪૯ હેકટરમાં ૪.૩૫ લાખ નવા રોપાઓનું વાવેતર થશે



**૧૭ વન મહોત્સવ, ૨૬ વિકેન્દ્રિત નર્સરીઓ અને ૭ ગૃપ મળી ૫૦ નર્સરીઓ કાર્યરત**

**ગામડાઓમાં ૧૮ કિસાન શિબિર, આરોગ્ય સુખાકારી માટે ૨ કેમ્પનું સફળ આયોજન**


**પ્રકૃતિ પ્રેમીઓ માટેનું વન કુટીરનું પણ નિર્માણ કરાયુ**

**સ્થાનિક સ્તરે જૈવ વિવિધતાનાં સંરક્ષણની નેમને સાકાર કરવા અવિરત સરાહનીય કામગીરી**







અમરેલી, તા. ૪

ગ્લોબલ વોર્મિંગ એટલે કે, વૈકિ તાપવૃદ્ધિની સીધી માઠી અસર કુદરતી ઋતુચક્ર પર પડી રહી છે; દર વર્ષે ક્યાંક અતિવૃષ્ટિ અને ભયાનક પૂર આવે છે, તો કયાંક કાળો દુકાળ પડે છે. આ વર્ષે તો ગરમીએ તમામ રેકોર્ડ તોડીને રેકોર્ડબ્રેક તાપમાન નોંધાવ્યું છે !

પૃથ્વીને ગ્લોબલ વોર્મિંગથી બચાવવા માટે 'ગ્રીન ગ્લોબલ, કલીન ગ્લોબલ'ના સંકલ્પ સાથે દરેક વ્યકિતએ વ્યકિતગત સ્તરે પર્યાવરણની સુરક્ષા માટે સક્રિય ફાળો આપવો જરૂરી છે. તા. ૦૫ જૂન, ૨૦૨૬ એટલે 'વિ પર્યાવરણ દિવસ.' આ વર્ષની થીમ –"Inspired by Nature. For Climate. For Our Future" છે. જે આપણને વધુમાં વધુ વૃક્ષારોપણ માટે પ્રેરિત કરે છે.

'વસુધૈવ કુટુંબકમ'ની ઉદાત્ત ભાવના અને ટકાઉ વિકાસના સંકલ્પ સાથે, ગુજરાતને વધુ હરિયાળું બનાવવાના આશયથી જિલ્લાના સામાજિક વનીકરણ વિભાગ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અને જાપાની વનસ્પતિ શાસ્ત્રી અકીરા મીયાવકીની આધુનિક પદ્ધતિને ધ્યાનમાં રાખીને વન વિભાગે પર્યાવરણ સુધારણા માટે અનેક નવતર પ્રયોગો હાથ ધર્યા છે.

જિલ્લામાં ૨૪ લાખથી વધુ રોપાઓના વિતરણ સાથે અમરેલી સામાજિક વનીકરણ વિભાગે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ગ્રીન અમરેલીની નેમ હવે સાકાર થશે. ચાલુ વર્ષે જિલ્લાના કુલ ૬૪૯ હેકટર વિસ્તારમાં ૪.૩૫ લાખ નવા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, જે ગ્રીન કવર વધારવા માટે મદદરૂપ થશે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં ૧૭ વન મહોત્સવ નર્સરીઓ, ૨૬ વિકેન્દ્રિત નર્સરીઓ અને ૭ ગૃપ નર્સરીઓ મળીને કુલ ૫૦ નર્સરીઓ કાર્યરત છે. ચાલુ વર્ષે ગામડાઓમાં ૧૮ કિસાન શિબિર, આરોગ્ય સુખાકારી માટે ૨ મેડિકલ કેમ્પનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતુ. પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે લોકોમાં જનજાગૃત્તિ વધારવા માટે સફળ પ્રયાસો કરવામાં આવ્યા હતા. પ્રકૃતિ પ્રેમીઓ માટે ૨ વનકુટીરનું નિર્માણ થતા જનસુવિધામાં વધારો થયો છે.

સામાજિક વનીકરણ વિભાગ અમરેલીના નાયબ વન સંરક્ષક દક્ષાબેન ભારાઈએ જણાવ્યું કે, જિલ્લામાં જુદા જુદા ૧૧ સ્થળોએ કુલ–૧૩ હેકટર વિસ્તારમાં ૧.૩૦ લાખ રોપાઓનું વન કવચ બનાવવામાં આવ્યું છે અને આ તમામ ૧.૩૦ લાખ રોપા આજે સંપૂર્ણપણે જીવંત અને સુરક્ષિત છે. આ ઉપરાંત, શહેરી વિસ્તારમાં હરિયાળી વધારવા માટે ૧ હેકટર વિસ્તારમાં અર્બન ફોરેસ્ટ (શહેરી જંગલ)નું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. આમ, સ્થાનિક સ્તરે જૈવ વિવિધતાના સંરક્ષણની નેમને સાકાર કરવા સામાજિક વનીકરણ વિભાગ દ્વારા અવિરત સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

જિલ્લામાં વિકસિત 'વન કવચ' પદ્ધતિ પર્યાવરણ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ગીચ વનસ્પતિની આ જાપાનીઝ તકનીકને લીધે વાવેતર કરાયેલા વિસ્તારો ટૂંકા સમયમાં ગાઢ જંગલમાં ફેરવાઈ જાય છે. આ વન કવચ માત્ર વૃક્ષોની સંખ્યા વધારવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સ્થાનિક પક્ષીઓ, પતંગિયાઓ અને નાના જીવજંતુઓ માટે એક સુરક્ષિત આશ્રયસ્થાન (Bio-diversity hub) બની ગયું છે. એટલું જ નહીં, આ હરિયાળા વિસ્તારો હવે સ્થાનિક નાગરિકો માટે પ્રકૃતિની નજીક સમય વિતાવવા માટેનું એક મુખ્ય કેન્દ્ર પણ બની રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં પર્યાવરણીય જાગૃત્તિ વધે તે માટે ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ દરમિયાન વિવિધ કાર્યક્રમો અંતર્ગત જિલ્લાની ખાસ મુલાકાત દરમિયાન 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ પ્રસરાવ્યો હતો. જિલ્લામાં વ્યાપક ધોરણે વૃક્ષારોપણ અને અમરેલી સામાજિક વનીકરણ વિભાગના ભગીરથ પ્રયત્નો આગામી પેઢી માટે એક શુદ્ધ, સ્વચ્છ અને હરિયાળું અમરેલી બનાવવા માટે માઈલસ્ટોન સાબિત થશે.

પાના ૮ ઉપરનું ચાલું

## લાઠીનાં પાદરમાં સિંહે

માનવામાં આવી રહ્યું છે. લાઠી–અમરેલી હાઈવે ઉપર આવેલી કોલેજ નજીક દિવસ દરમિયાન સિંહ જોવા મળતા સ્થાનિકોમાં કુતૂહલ સાથે ભયનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ હાલમાં ખેતીની સીઝન શરૂ થવાની તૈયારી વચ્ચે ખેડૂતો અને ખેતમજૂરો ખેતરોમાં વિવિધ કામગીરીમાં વ્યસ્ત છે. આવા સમયે શહેરની સીમા નજીક સિંહના આંટાફેરા જોવા મળતા ખેડૂતો અને ખેતમજૂરોમાં ફફડાટ ફેલાયો હતો. સિંહના દર્શન થતાં આસપાસના ગામો અને શહેરના લોકો મોટી સંખ્યામાં સ્થળ પર ઉમટી પડયા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ લાઠી–અમરેલી માર્ગ પર આવેલી કોલેજ નજીક સિંહ થોડો સમય સુધી દેખાયો હતો. ત્યારબાદ લોકોની ભીડ વધતા અને વાહનોની અવર જવર વચ્ચે સિંહ ગભરાઈ ગયો હતો. મોટી સંખ્યામાં લોકો તેને જોવા માટે નજીક પહોંચવાના પ્રયાસો કરતા હોવાથી સિંહે દોડ લગાવી નજીકના વાડી અને ખેતી વિસ્તાર તરફ આશરો લીધો હતો.

સ્થાનિક લોકોનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી ગીર અને આસપાસના વિસ્તારોમાંથી સિંહો માનવ વસાહત નજીક આવતા હોવાના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે. ગરમીના દિવસોમાં પાણીના સ્ત્રોતો સૂકાતા તેમજ ખોરાકની શોધમાં સિંહો વધુ દૂર સુધી વિચરણ કરતા હોવાનું પણ વન્યજીવ નિષ્ણાંતો માને છે.

બીજી તરફ કેટલાક ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે, સિંહ જોવા મળ્યાની જાણ છતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ના હોય જેના કારણે લોકોની ભીડ વધી હતી. જોકે સત્તાવાર રીતે વન વિભાગ તરફથી આ અંગે કોઈ નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. સિંહના શહેર નજીકના આંટાફેરાને પગલે ખેડૂતો, ખેતમજૂરો તેમજ પશુપાલકોમાં ચિંતા વ્યાપી છે. સ્થાનિકોએ વન વિભાગ દ્વારા સતત પેટ્રોલિંગ, લોકોને જાગૃત કરવા તથા સિંહની હિલચાલ પર નજર રાખવા માટે અસરકારક પગલાં ભરવાની માંગણી કરી છે.

લાઠી શહેર નજીક દિવસના ઉજાસમાં સિંહના દર્શન થતાં આ ઘટના સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બની છે. હાલ સિંહ નજીકના વાડી વિસ્તારમાં જતો રહ્યો હોવાનું જાણવા મળ્યું છે અને લોકોમાં સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## શાકમાર્કેટનુ થયુ સ્થળાંતર

યોગ્ય સર્વે કરીને અહીં પૂરતા હવા–ઉજાસવાળી એક અદ્યતન કમ્પાઉન્ડેડ ઈમારત બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. સાવરકુંડલામાં રિવરફ્રન્ટ બન્યા બાદ, જો આવી આધુનિક માર્કેટ બને તો શહેરની સુવિધા મહાનગરો સમકક્ષ થઈ શકે. સ્થાનિક નાગરિકો આશા રાખી રહ્યા છે કે સાવરકુંડલા–લીલીયા વિસ્તારના સક્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વર્તમાન કાર્યકાળ દરમિયાન જ શહેરને આ કાયમી અને અદ્યતન સુવિધા પ્રાપ્ત થાય. એવું આમ જનતા ઈચ્છે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## વડિયા નજીક બનતા 'પુલ'નાં

થઈ જવાની અને ચોમાસા દરમિયાન ગામલોકો ભારે મુશ્કેલીમાં મુકાય તેવી પુરેપુરી સંભાવના છે.

સ્થાનિકોની તપાસમાં સામે આવ્યું છે કે, પુલનાં નિર્માણમાં એન્જિનિયરિંગના કોઈપણ નીતિ–નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી. પુલમાં કયાંય લેવલિંગ જોવા મળતું નથી અને આખા પુલ પર સિમેન્ટના જબરા થિંગડા મારીને કામ આટોપી લેવાનો પ્રયાસ કરાયો છે જે કામની નબળી ગુણવત્તાની ચાડી ખાય છે.

ગામલોકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, પુલ બનાવતી વખતે તેના પ્રથમ પાયાનું જરૂરી ખોદકામ જ કરવામાં આવ્યું નથી. પાયો ખોદયા વગર જ સીધું ચણતર કરી દેવાતા પુલ સામાન્ય કરતા ઘણો ઊંચો બની ગયો છે. પહેલા લોકો જે નીચા બેઠા કોઝવે પરથી સરળતાથી પસાર થતા હતા હવે આ પુલ એટલો ઊંચો થઈ ગયો છે કે તેના પરથી વાહન લઈને પસાર થવું એટલે જાણે "સાંઢિયા" (ઊંટ) પર સવારે કરવા બરાબર કપરા ચઢાણ જેવું થઈ ગયું છે.

જનતાના ટેકસના લાખો રૂપિયા પાણીમાં ગયા હોવાના આક્ષેપ સાથે હવે સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનોએ એકસુરે માંગ ઉઠાવી છે કે, આ ભ્રષ્ટાચારયુકત અને જોખમી પુલને તાત્કાલિક અસરથી તોડી પાડવામાં આવે અને નિયમબધ્ધ રીતે નવેસરથી મજબૂત પુલનું નિર્માણ કરવામાં આવે. જો તંત્ર ધ્વારા આ બાબતે વહેલી તકે કડક પગલાં લેવામાં નહીં આવે અને યોગ્ય તપાસ કરવામાં નહિ આવે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે કાર્ય કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સિંહણનું ગર્ભાશય ફાટતા મોત

બીટગાર્ડને જાણ કરતા આ અંગે બીટગાર્ડ તરફથી ઉચ્ચ કક્ષાએ જાણ કરતાં ધારી ગીર એસ સી. એફ. ચૌધરી, આર.એફ.ઓ. જયશ્રી પટાટ ફોરેસ્ટર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી સ્કેનિંગ કરતા સાંજનાં પાંચ વાગ્યા આસપાસનાં સમયે સિંહણનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ સિંહણનાં મૃતદેહને ધારી ખાતે લઈ જવામાં આવેલ જયાં વેટરનરી ડોકટરે સિંહણનાં મૃતદેહનું પી.એમ. કરતા સિંહણ ગર્ભવતી હોય તેથી સિંહણનું ગર્ભાશય ફાટતા સિંહણનું મોત થયાનું જણાવ્યું હતું. આ બનાવ અંગે ડી.સી.એફ. વિકાસ યાદવ તથા જવાબદાર અધિકારીઓનો સંપર્ક કરાતા કોઈ જવાબ મળતા ના હતા. સિંહણનાં મૃતદેહને અગ્નિદા આપવામાં આવેલ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ખાંભાનાં કંટાળામાં મોટાભાઈએ

આ દરમિયાન મોટાભાઈ સહિતનાં પરિવારનાં સભ્યોએ રાઘવભાઈ સોંદરવા ઉપર લાકડીઓ અને કુહાડી વડે હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. હુમલામાં રાઘવભાઈને શરીરનાં વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ લોહી લુહાણ હાલતમાં ઢળી પડયા હતા. પરિવારજનો અને ગામલોકોએ તેમને તાત્કાલિક સારવાર માટે ખાંભા હોસ્પિટલ ખસેડયા હતા. જોકે તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

ઘટનાની જાણ થતાં ખાંભા પોલીસનો કાફલો તાત્કાલિક હોસ્પિટલ તથા ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં જમીન વિવાદ હત્યાનું મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે.

આ બનાવને લઈને ખાંભા પોલીસે કુલ છ શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા અલગ–અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

સગા ભાઈના હાથે જ ભાઈની હત્યાની આ ઘટનાએ સમગ્ર કંટાળા ગામ સહિત ખાંભા પંથકમાં ભારે અરેરાટી ફેલાવી છે. જમીનના વિવાદે એક પરિવારને વિખેરી નાખતા ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાનાં તમામ પાસાઓને ધ્યાનમાં રાખી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## રાજનીતિમાં ગરમાવો આવ્યો

બાવકુભાઈ ઉધાડે પોતાના ધારાસભ્ય અને કેબિનેટ પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન વિસ્તારના વિકાસ માટે અનેક મહત્વના કામો કરાવ્યા હતા. જેના કારણે આજે પણ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં તેમનો એક મજબૂત જનાધાર હોવાનું માનવામાં આવે છે. તેમના સમર્થકોનો દાવો છે કે જો ભાજપ ૨૦૨૭માં બાવકુભાઈ ઉધાડને ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારે તો તેઓ મજબૂત દાવેદાર સાબિત થઈ શકે છે.

લાઠી વિધાનસભા ક્ષેત્રમાં પણ ઘણા મતદારો અને કાર્યકરો સોશિયલ મીડિયા મારફતે બાવકુભાઈ ઉધાડને ફરી ચૂંટણી મેદાનમાં જોવા ઈચ્છા વ્યકત કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે ભાજપ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, તેમ છતાં સમર્થકોની સક્રિયતા અને વાયરલ પોસ્ટોએ રાજકીય માહોલને ચોક્કસપણે ગરમાવી દીધો છે.

હાલ માટે "કમિંગ સૂન ૨૦૨૭" અભિયાન માત્ર સોશિયલ મીડિયા સુધી મર્યાદિત છે, પરંતુ તેનાથી લાઠી વિધાનસભા બેઠકની રાજનીતિમાં નવી ચર્ચાઓ અને રાજકીય સમીકરણો અંગેની અટકળો શરૂ થઈ ગઈ હોવાનું રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે. હવે આવનારા સમયમાં ભાજપનું સંગઠન અને પક્ષનું કેન્દ્રીય નેતૃત્વ શું નિર્ણય લે છે તેના પર સૌની નજર મંડાઈ છે.


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

**અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...**

**અનિલસિંહ જનવાર : Mo.9426831241**


# બગસરામાં પ્રથમ વખત "જીવનવિદ્યા પરિચય શિબિર" નું સફળ આયોજન કરવામાં આવ્યું





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા શહેરમાં પ્રથમ વખત "જીવનવિદ્યા પરિચય શિબિર" નું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મળેલ માહિતી મુજબ જુના શ્રી સ્વામિનારાયણ મંદિર, બંગલી ચોક, કુંકાવાવ નાકા પાસે, બગસરા ખાતે યોજાયેલી આ શિબિર તારીખ ૧ થી ૩ જૂન ૨૦૨૬ દરમિયાન સવારે ૯ થી સાંજે ૬ કલાક સુધી યોજાઈ હતી. જીવનને સમજવા અને તેને યોગ્ય દિશામાં આગળ વધારવાના ઉદેશ્ય સાથે યોજાયેલી આ શિબિરમાં સુરતના પ્રબોધક જનકભાઈ સાવલિયા દ્વારા લોકોને ખૂબ જ સરળ શૈલીમાં માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. ત્રણ દિવસીય આ શિબિરમાં મુખ્યત્વે જીવન અને તેનો મૂળ ઉદેશ્ય, વિશ્વાસ અને ઉત્સાહપૂર્વક જીવન જીવવાનો સાચો માર્ગ, પ્રકૃતિ સાથે સંતુલિત જીવન કેવી રીતે જીવવું, પરિવાર અને સંબંધોને વધુ મધુર અને સારા બનાવવાની રીતો, બાળકોના માનસિક અને શારીરિક વિકાસનું ઘડતર વગેરે બાબતો વિશે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ શિબિર સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવામાં આવી હતી. બગસરા સિનિયર સિટીજન પરિવાર અને આસપાસનાં વિસ્તારનાં લોકોએ આ શિબિરમાં મોટી સંખ્યામાં જોડાઈને જીવન જીવવાની આ સુંદર કળાનો લાભ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ઠેકઠકાણે ગંદકી જોવા મળતી હોય જનતા જનાર્દન પરેશાન

# અમરેલીનાં ''જનસેવા'' કેન્દ્ર આસપાસ સ્વચ્છતા સેવા કરવી જરૂરી

**ઉભરાતી ગટર, કાગળના ટુકડાનાં ઢગલાઓ, આડેધડ વાહન પાર્કિંગ, પીવાનાં પાણીની સુચારૂ વ્યવસ્થા પણ નથી**

**જિલ્લાના વહીવટીતંત્રની અતિ મહત્વની કચેરી આસપાસનો માહોલ સુંદર સ્વચ્છ હોય તો સારૂ લાગે**

**આ વિભાગમાં આમ આદમીથી લઈને ખાસ આદમી અને ઉચ્ચ અધિકારીઓની પણ અવરજવર રહેતી હોય છે**

**માર્ગ–મકાન વિભાગે સુંદર રીતે જનસેવા કેન્દ્રને રાખવું જરૂરી બન્યું છે**





અમરેલી, તા.૪

અમરેલી ખાતે આવેલ ''જનસેવા'' કેન્દ્ર આસપાસ કાગળનાં ટુકડાઓ, .ભરાતી ગટરો, આડેધડ વાહન પાર્કિંગ, રેંકડીઓનું દબાણ અને પીવાના પાણીની ઉત્તમ સુવિદ્યાઓનો અભાવ સહિતની સમસ્યા હોય માર્ગ – મકાન વિભાગ દ્વારા ''જનસેવા'' આસપાસ વિસ્તારને સુંદર અને રળિયામણો બનાવવો જોઈએ.

જિલ્લાનાં વહીવટી તંત્ર માટે અતી મહત્વનાં સ્થાન ગણાતા ''જનસેવા'' કેન્દ્ર આસપાસ આમ આદમીથી લઈને ખાસ આદમી અને નાના કર્મચારીથી લઈને ઉચ્ચ અધિકારીઓ સહિત સૌ કોઈની અવર–જવર રહેતી હોવાથી ''જનસેવા'હ કેન્દ્ર આસપાસનાં ૨૦૦ મીટર વિસ્તારને નમૂનારૂપ બનાવવો જરૂરી બન્યો છે.

### પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં ૧૨ વર્ષ પૂર્ણ

## અમરેલી જિલ્લામાં લોકભાગીદારી દ્વારા જનકલ્યાણકારી કાર્યક્રમો યોજાશે

**જિલ્લા કલેકટરનાં અધ્યક્ષસ્થાને આયોજનની સમીક્ષા કરાઈ**

અમરેલી, તા. ૪

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજયભરમાં જનકલ્યાણને કેન્દ્રસ્થાને રાખી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં તા. ૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન લોકભાગીદારી અને જિલ્લા વહીવટીતંત્રના સંયુકત ઉપક્રમે વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોની હારમાળા યોજાશે. આ કાર્યક્રમો દ્વારા વિકાસ અને સુશાસનની ગાથા લોકો સુધી પહોંચાડવાની સાથે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. ા કાર્યક્રમોના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને વિવિધ કાર્યક્રમોના આયોજનની સમીક્ષા કરવામાં આવી છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં યોજાનારા કાર્યક્રમોમાં જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, વિવિધ સંસ્થાઓ અને નાગરિકો સક્રિય સહભાગી બનશે. કાર્યક્રમના સફળ અને સુચારૂ આયોજન માટે જિલ્લા કલેક્ટરએ જરૂરી દિશાનિર્દેશ આપ્યા છે.

વિ પર્યાવરણ દિવસ નિમિત્તે તા. ૦૫ જૂને 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત જિલ્લામાં વ્યાપક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે. ગ્લોબલ વોર્મિંગ સામે હરિત ઉપાયરૂપ આ અભિયાનમાં સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંગઠનો અને નાગરિકો જોડાઈ પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપશે.ઉજવણીના ભાગરૂપે 'પ્રગતિ યાત્રા'નું આયોજન કરવામાં આવશે. જેમાં જિલ્લાના પ્રભારીમંત્રી, જનપ્રતિનિધિઓ તથા પ્રબુદ્ધ નાગરિકો જિલ્લાના ધાર્મિક, સામાજિક, પ્રવાસન અને ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે વિકસિત થયેલા મહત્વના સ્થળ ોની મુલાકાત લઈ વિકાસકાર્યોનું અવલોકન કરશે.વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો દ્વારા પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાશે. આ કાર્યક્રમમાં વિકાસયાત્રા, જનહિતલક્ષી યોજનાઓ અને વિકસિત ભારતના સંકલ્પ અંગે ચર્ચા કરવામાં આવશે તેમજ પ્રબુદ્ધ નાગરિકો પોતાના પ્રતિભાવો રજૂ કરશે.સેવા સેતુ કાર્યક્રમની તર્જ પર ' જનકલ્યાણ શિબિરો'નું આયોજન કરવામાં આવશે. જેમાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા સ્થળ પર લાભ વિતરણ, અરજીઓ સ્વીકારવા તથા વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવશે.

ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરવા માટે 'પ્રાકૃતિક કૃષિ શિબિરો' યોજાશે. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ, તેના લાભો અને રાજય સરકારના પ્રયાસો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. રાજયને આગામી પાંચ વર્ષમાં પ્રાકૃતિક ખેતી યુકત રાજય બનાવવા માટે આ અભિયાન મહત્વપૂર્ણ બનશે.ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ' સ્વચ્છતા અભિયાન' અંતર્ગત વિવિધ સ્થળોએ સફાઈ કાર્યક્રમો યોજી સ્વચ્છતા અને આરોગ્ય અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવશે. રાજય સરકારની સિદ્ધીઓની પ્રદર્શની દ્વારા પાછલા ૧૨ વર્ષમાં જિલ્લામાં થયેલા સિમાચિન્હરૂપ વિકાસની ગાથાને પ્રદર્શની દ્વારા દર્શાવવામાં આવશે. તા. ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સાથે કાર્યક્રમોનું સમાપન થશે. જિલ્લાના વિવિધ સ્થળોએ યોગ કાર્યક્રમો યોજી સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ આપવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ શ્રેણી અમરેલી જિલ્લામાં જનકલ્યાણ ઉત્સવ તરીકે ઉજવાશે અને 'વિકસિત ભારત–૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા જનભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

### મોગલ કૃપા નામનાં ભરડીયામાં બનાવ બન્યો

## બાબરાનાં ઉંટવડ ગામે જમીન ઉપર સુતેલ યુવક ઉપર ટ્રક ફરી વળતા મોત


**મૃતકનુ નામ વરસડાનાં મિતેષભાઈ ગોહિલ હોવાનુ ખુલ્યુ**

અમરેલી, તા. ૪

બાબરા તાલુકાના ઉંટવડ ગામે રાજકોટ–ભાવનગર હાઈવે ઉપર આવેલ મોગલકૃપા નામના ભરડીયાના ગ્રાઉન્ડમાં ગાદલું પાથરી મેદાનમાં સૂતેલા એક યુવક ઉપર રાત્રીના આશરે એકાદ વાગ્યે એક ટેન્કર ટ્રક નં. જીજે–૦૩–બીઝેડ–૫૮૫૪ ત્યાં વજન કાંટે વજન કરવા આવેલ હોય, અને તે ડ્રાઈવરે પોતાનું ટેન્કર ટ્રક જે ભારડીયાના ગ્રાઉન્ડમાં જમીન ઉપર ગાદલુ નાખીને ખુલ્લામાં સુતા હોય, તેની ઉપરથી ટેન્કર ટ્રકના ટાયર ચલાવી દેતા તેમને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજતા બાબરા સરકારી દવાખાને લાશનું પી.એમ. થવાની કાર્યવાહી શરૂ છે.

આ બનાવમાં અમરેલી તાલુકાના વરસડા ગામે રહેતા હીરાનું કામ કરતા હિતેષભાઈ ધીરૂભાઈ ગોહિલના ભાઈ મિતેષભાઈ ઉર્ફે લાખાભાઈ ધીરૂભાઈ ગોહિલ (ઉ.વ. ૩૭) ગઈકાલે રાત્રે બાબરા તાલુકાના ઉંટવડ ગામે રાજકોટ–ભાવનગર હાઈવે ઉપર આવેલ દિગ્વિજયભાઈ દાનકુભાઈ વાળાના મોગલકૃપા નામના ભરડીયાના ગ્રાઉન્ડમાં ગાદલું પથારી મેદાનમાં સુતાં હતાં. ત્યારે રાત્રીના આશરે એકદા વાગ્યે એક ટેન્કર ટ્રક નં. જીજે–૦૩–બીઝેડ–૫૮૫૪ ત્યાં વજન કાંટે વજન કરવા આવેલ હોય, અને તે ટેન્કર ટ્રકના ડ્રાઈવરે પોતાનું ટેન્કર ટ્રક મિતેષભાઈ જે ભરડીયાના ગ્રાઉન્ડમાં જમીન ઉપર ગાદલુ નાખીને ખુલ્લામાં સુતા હોય, તેની ઉપરથી ટેન્કર ટ્રકના ટાયર ચલાવી દેતા તેમને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજતા બાબરા સરકારી દવાખાને લાશનું પી.એમ. થવાની કાર્યવાહી શરૂ છે.

## ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિન વૃક્ષોનું જતન, આબાદ વતન



અમરેલી, તા. ૪

વૃક્ષોનું વાવેતર કરી, જંગલોનું રક્ષણ થાય, પર્યાવરણ સંવર્ધન થકી દેશમાં સમૃદ્ધિ આવે એ હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરૂણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાય શકે છે પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓના નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુષણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુષણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે. પર્યાવરણની જાળ વણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જયાં ઈલેકટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશ સંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો એષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા–પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બન ડાયોક્સાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યકિત દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે.આ દિવસથી જ વન અને વન્યજીવો પ્રત્યે સૌમાં કરૂણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે. વૃક્ષમશરણં ગચ્છામી.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

સંકુલ ધો.૧૧–૧૨ પ્રવેશ ચાલુ
ધો. ૧૧–૧૨ ગર્લ્સ સાયંસ બપોર
ધો. ૧૧–૧૨ મિશ્ર સાયંસ સવાર
ધો. ૧૧–૧૨ EM સાયંસ સવાર
ધો. ૧૧–૧૨ ગર્લ્સ કોમર્સ બપોર
ધો. ૧૧–૧૨ મિશ્ર કોમર્સ સવાર
ધો. ૧૧–૧૨ EM કોમર્સ સવાર
ધો. ૧૧–૧૨ ગર્લ્સ આર્ટસ બપોર
ધો. ૧૧–૧૨ મિશ્ર આર્ટસ સવાર
ધો. ૧૧–૧૨ Bio - Maths ગ્રુપ
ધો. ૧૧–૧૨ EM- GM મિડીયમ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી-Ad094

## ગીરના સિંહમાં આવેલો રોગ શુ છે

અમરેલી, તા. ૪

થોડા સમયમા Asiatic Lion ગીરના સિંહમાં આવેલી બિમારીમા કેટલાક સિંહના મૃત્યુ થતા– સરકાર અને વનવિભાગ દ્વારા– વિવિધ તકેદારીના પગલા લેવાના શરૂ થયા છે. આ બિમારી– રોગ શુ છે ?

1. Babesiosis : આ બિમારી ''ઈતડી'' ઈતરડી – દ્વારા ફેલાય છે. ઈતડીના કરડવાથી – Babesia-Parasite- જે Malariaના Parasite જેવા છે તે સિંહના શરીરમાં દાખલ થાય છે તેની અસરથી રૂધિરના Red Blood Cells (RBCs) તુટવા લાગે છે – તેથી Anemia – લોહીની તંગી થાય છે – શરીરમાં નબળાઈ શઢ થાય છે પ્રતિકાર શકિત નબળી પડે છે – તાવ આવે છે, પેશાબનો રંગ ઘેરો રાતો કે કોફી કલરનો થાય છે, ચામડી પીળી પડવા લાગે છે.

આ સ્થિતીમાં તેને, CDV - (Viral) ચેપ લાગવાની સંભાવના વધી જાય છે.પરંતુ Babesiosis માટેની સારવાર ઉપલબ્ધ હોવાથી તેના પર નિયંત્રણ કરી શકાય છે. તેના માટે Quinine-Azithromycin પ્રકારની દવાઓ સામાન્ય રીતે ઉપયોગમા લેવાય છે– અને પ્રારંભિક પરિસ્થિતીમાં નિયંત્રણમા લેવાય છે.

(2) Canine Distemper Virus (CDV) : પરંતુ – નબળી પ્રતિકાર શકિતમાં Canine Distemper Virus (CDV)નો ચેપ લાગવાની સંભાવના છે.CDV (Virus) – માટેના સંશોધનો મુજબ તે મનુષ્યના ''ઓરી'' (Measles)ના Virus મનુષ્યમાંથી પાલતુ ાનમાં વહન પામીને રૂપાંતરીત થયો હોવાનુ ૧૭૩૫માં નોંધવામાં આવ્યુ હતુ.

૧૯૨૩માં Vittorio નામના વૈજ્ઞાનિકે ચેપગ્રસ્ત ાનના મગજના કોષોમાંથી સૌ પ્રથમ વેકસીન તૈયાર કરી હતી.

આ Virus–ના Genomeમાં RNA છે તથા ૧૫૬૯૦ Nucleotide છે.– ાન દ્વારા ફેલાય છે.– ઝરખ – શિયાળ – દીપડાને આ Virusની ખુબ જ સામાન્ય અસર થાય છે – પરંતુ સિંહ માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

**લક્ષણો :** ખુબ જ તાવ– પીળાશ પડતી આંખ– આંખમાંથી– ચીપડા વધુ ઘટ્ટ પ્રવાહી બહાર આવે – નાકમાંથી લીંટ બહાર આવે – ઉલ્ટી – ઝાડા – ભુખ ન લાગવી, ખુબ જ નબળ ાઈ – ચેતાતંત્ર નબળુ પડે – સ્નાયુ નબળ ા પડે. એક જ જગ્યાએ પડ્યા રહે. ધીમે ધીમે સનતંત્ર, ચેતાતંત્ર પાચનતંત્ર નબળા પડે છે.

**નિયંત્રણ અને તકેદારીના પગલાં :** આ પાલતુ ાનમાંથી ફેલાતો હોવાથી – ાનને DHPP – વેકસીન લેવા નિયમિત ડોઝ પ્રમાણે આપવી જરૂરી છે. સરકાર – ગીરના સિંહોની રક્ષણ માટે શ્રેષ્ઠ પ્રયત્ન કરી રહી છે પરંતુ – બિમારી, ફેલાતી અટકાવવા ચેપગ્રસ્ત સિંહોની તપાસ કરી અલગ રાખવા જેવી અતિશય કપરી કામગીરી– વગેરે બાબતોની કાળજી પણ લેવામા આવી રહી છે.ચેપગ્રસ્ત સિંહોની ઉધરસ – છીંક – લાળ – મળ – મૂત્ર દ્વારા પણ ફેલાવો થતો હોય – કામગીરી ખુબ જ મહેનત માગી લે તેવી હોય છે તેમ છતા પ્રયત્ન થઈ રહ્યા છે.

**બિપીન જોશી**
**(Biologist – અમરેલી)**

આ Virus મનુષ્ય માટે – વધુ અસરકારક નથી. – તેથી માનવીને ચેપ લાગવાની સંભાવના નથી.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/ બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1
S.Y.B.Com. SEMESTER-3
T.Y.B.Com. SEMESTER-5
M.Com. SEMESTER-1,3
ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી




## બસ સ્ટેન્ડ, શાળાઓ અને ગ્રામજનોની સતત અવરજવર હોવાનાં સ્થાને

# ચમારડીમાં ''જેટકો''એ જોખમી રીતે કેબલ લગાવ્યો

**જે–તે વખતે કયાં નિયમોને આધારે કેબલ લગાવાયો તે અંગેની તપાસ જરૂરી**

**ગ્રામ પંચાયતની મંજૂરી હતી કે કેમ અને જો હોય તો કોણે અને કેવી રીતે આપી તે પણ તપાસવું જોઈએ**

**ભવિષ્યમાં ભયાનક અકસ્માત થાય તે પહેલા કેબલની લાઈન બદલવા માંગ**

**ગામનાં સરપંચ દયાબેને પીઢડીયાએ નિયમાનુસાર કાર્યવાહી કરવા માંગ કરી**



અમરેલી, તા. ૪

બાબરાનાં ચમારડી ગામે પાદરમાં ગ્રામજનોની અવરજવર, ગાયનો ગોંદરો અને શાળા તેમજ બસ સ્ટેન્ડ હોવા છતાં અગાઉ ''જેટકો'' કંપનીએવીજ કેબલલગાવીનેસૌકોઈની સુરક્ષાસામેગંભીરખતરોઉભોકર્યોહોય ગામનાં વર્તમાન સરપંચ દયાબેન પીઢડીયાએ કેબલનું સ્થળાંતર કરવાની માંગ કરેલ છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, ચમારડી ગામે જેટકો કંપનીએકેબલનાખેલછે,તેઅગાઉગ્રામ પંચાયતની આગળની બોડીએ મંજૂરી આપેલ છે, પણ જેટકો કંપનીએ નિયમ પ્રમાણે કામ કરેલ નથી. જે ઉંડાણમાં નાખવાનો હોય તે કેબલ સાવ ઉપર ૨ ફૂટની ઉંડાઈમાં નાખેલ છે. જે તે સમયે પંચાયતે વહીવટ કરીને મંજૂરી દીધેલ છે જે કેબલ હલકો છે, તે કેબલ શાળાની નજીકથી પસાર થાય છે અને બાળકો ભણવા જતા હોય તો જીવનનું જોખમ રહે છે અને ત્યાં ગાયનો ગોંદરો પણ આવેલ છે અને જુથ સેવા સહકારી મંડળી આવેલ છે અને આ બધા નિયમોને નેવે મુકીને કેબલ પસાર કરેલ છે અને પોતાની મનમાની કરીને કેબલ પસાર કરેલ છે. તે દિવસે ગામજનોએ વિરોધ પણ કરેલ હતો અને તેમ છતાં જેટકો કંપનીએ દાદાગીરીથી કેબલ નાખેલ છે. પંચાયત સરપંચ અને મંત્રી સાથે સેટીંગ કરીને કેબલ પસાર કરેલ છે. ગ્રામજનોનો વિરોધ હોવા છતાં કેબલ નાખેલ છે. અત્યારે ગ્રામ પંચાયતને અડચણરૂપ થાય છે. આ કેબલ કોઈ પણ ભોગે દૂર થાય તેવી ગ્રામ પંચાયત તથા ગામજનોની માંગણી છે તેમ અંતમાં જણાવેલ છે.

## કાળઝાળ ગરમીમાં પાણીની તરસ મિટાવવા માટે

# લાઠીનાં પાદરમાં સિંહે દેખા દેતા ખેડૂતોમાં ફફડાટ : શહેરીજનોમાં રોમાંચ

**મોટી સંખ્યામાં સિંહપ્રેમીઓ ટોળે વળ્યા**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાના લાઠી શહેર નજીક એશિયાટિક સિંહ જોવા મળતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. કાળઝાળ ગરમી અને પાણી તેમજ શિકારની શોધમાં જંગલ વિસ્તાર છોડીને સિંહ લાઠીના રેવેન્યુ વિસ્તારમાં આવી પહોંચ્યો હોવાનું

અનુસંધાન પાના ૬ ઉપર



## કરોડોનાં ખર્ચ બાદ સિંહોની સુરક્ષામાં ચુક થાય

# સરસિયા રેન્જનાં લુવારીયા રીઝર્વ ફોરેસ્ટમાં સિંહણનું ગર્ભાશય ફાટતા મોત

**વન વિભાગ દ્વારા પ્રકરણ બાદ ઢાંકપિછોડોનો પ્રયાસ**

અમરેલી, તા. ૪

ધારી ગીરપૂર્વ સરસીયા રેન્જ નીચે આવતા લાઠી તાલુકાના લુવારીયા રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાંથી અંદાજિત ૫થી ૭ વર્ષિય સિંહણનો મૃતદેહ મળી આવતા વન વિભાગ હરકતમાં આવ્યું હતું.

ગઈકાલ તા. ૪નાં રોજ વહેલી સવારનાં સમયે કૃષ્ણગઢ પાસેથી બીમાર હાલતમાં સિંહણ રિઝર્વ ફોરેસ્ટમાં ગઈ હોવાની સ્થાનિક લોકોએ

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારાસભ્ય મહેશ કસવાલા શહેરને સુવર્ણનગરી બનાવવા મક્કમ

# હાશકારો : સાવરકુંડલામાં નાવલી નદીનાં ગંદા પાણી આસપાસ વર્ષોથી ભરાતી શાકમાર્કેટનુ થયુ સ્થળાંતર

**૨૦૦થી વધુ શાકભાજીનાં વિક્રેતાઓ નવી જગ્યાએ સ્થળાંતરીત થયા**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા શહેરમાં વર્ષોથી નાવલી નદીના ગંદા પાણીની આસપાસ ભરાતી પરંપરાગત શાકમાર્કેટને આખરે આજે વહીવટી તંત્ર દ્વારા અમરેલી રોડ પર આવેલ ' ખાતરવાડી' ખાતે શિફટ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ એ જ ખાતરવાડી છે જે ભૂતકાળમાં તત્કાલીન ડીવાય.એસ.પી. મહેતાના સમયમાં ખાનગી ટ્રાવેલ્સ બસોના સ્ટેન્ડ પોઈન્ટ તરીકે જાણીતી બની હતી.

આજરોજ નગરપાલિકાની સૂચના અને માર્ગદર્શન હેઠળ અંદાજે ૨૦૦ જેટલા શાકભાજી વિક્રેતાઓ ઉત્સાહભેર આ નવી જગ્યાએ સ્થળાંતરિત થયા હતા. વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે સાવરકુંડલા નગરપાલિકાના ચીફ ઓફિસર રતાણીએ રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે આ કામચલાઉ વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનો કર્યા હતા. ખાસ કરીને પાર્કિંગ એરિયામાં કોઈ લારી–ગલ્લા કે ફેરિયાઓ દબાણ ન કરે અને ગ્રાહકોને ખરીદી માટે પૂરતો પેસેજ મળી રહે તે બાબત પર તેમણે ખાસ ભાર મૂકયો હતો.

શાકમાર્કેટ એ માત્ર ખરીદીનું કેન્દ્ર નથી, પરંતુ જયાં હિન્દુ–મુસ્લિમ, અમીર–ગરીબ કે પક્ષ–વિપક્ષના ભેદભાવ ભૂલીને તમામ લોકો એકઠા થાય છે, જેથી તે ખરા અર્થમાં 'સામાજિક સમરસતાનું પ્રતીક' છે. ભૂતકાળના શાસકોની ભૂલોમાંથી બોધપાઠ લઈ, તંત્ર દ્વારા

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)